આજનો સુવિચાર

પ્રશંસા મેળવવી મુશ્કેલ છે, પરંતુ પચાવવી ખૂબ જ અઘરી છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૩૬ જૂનાગઢ તા.૨૮-૦૧-૨૦૨૨ શુક્રવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

## કોરોના સંક્રમણ ધીમું પડતા શાળા-કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ ખોલવા તૈયારી

નવી દિલ્હી, તા.૨૮: દેશભરમાં કોરોનાના ડરથી બંધ કરાયેલી શાળા, કોલેજો સહિત અન્ય શૈક્ષણિક સંસ્થાઓને સંક્રમણની ઝડપ ઘટતા જ ફરીથી ખોલવાની તૈયારી શરૂ થઈ ગઈ છે. જો કે તેને કયારથી ખોલવી તેનો નિર્ણય રાજયોએ જ કરવાનો છે. પણ તે પહેલા વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે કેન્દ્ર સરકાર તરફથી કેટલાક જરૂરી દિશા નિર્દેશો આપી શકાય છે. હાલ તો તેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ શ્રૃંખલામાં તામિલનાડુ સરકારે એક ફેબ્રુઆરીથી ધોરણ ૧ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન વર્ગો ફરીથી ચાલુ કરવાની જાહેરાત કરી છે.

શિક્ષણ મંત્રાલય સાથે સંકળાયેલા સુત્રો અનુસાર, કેટલાય રાજયોએ આ બાબતે સંપર્ક પણ સાધ્યો છે. સાથે જ કોરોનાની પાછલી લહેરોની જેમ આ વખતે શાળાઓ સહિત બીજી શૈક્ષણિક સંસ્થાઓ જેમ કે કોચીંગ વગેરેને ખોલવા બાબતે દિશા નિર્દેશ જાહેર કરવાની માંગણી કરી છે. ત્યારપછી જ મંત્રાલયે આ દિશામાં કાર્ય શરૂ કર્યુ છે. હાલ તો જે સંકેત મળી રહ્યા છે તેમાં અત્યારે ફકત ધો.૯ થી ધો.૧૨ સુધીના બાળકોને શાળાએ બોલાવશે. બાકી બાળકોને પરિસ્થિતી અનુસાર આવતા કેટલાક મહિનાઓમાં બોલાવી શકાય છે. તો કોચીંગ સંસ્થાઓને પણ સીમિત સંખ્યા સાથે ખોલવાની પરવાનગી મળશે.

## લત્તા મંગેશકરની તબિયત પહેલા કરતા સારી

મુંબઈ તા. ૨૨

સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકર છેલ્લા કેટલાક સમયથી હોસ્પિટલમાં દાખલ છે. કોરોના વાયરસનો ભોગ બન્યા બાદ લત્તા મંગેશકરની તબિયત લથડી હતી અને તેમને તાત્કાલિક મુંબઈની બ્રીચ કેન્ડીહોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. લતા મંગેશકરના પરિવાર તરફથી દરરોજ તેમના સ્વાસ્થ્ય સંબંધિત માહિતી બહાર આવી રહી છે કારણ કે તેમના નિધનની અફવા સાંભળીને સેંકડો લોકો દુ:ખી થયા હતા. લતા મંગેશકરનો પરિવાર સતત તેમની સ્થિતિ વિશે છેલ્લામાં છેલ્લા અપડેટ્સ આપી રહ્યો છે.

## ૧ ફેબ્રુઆરીએ નાણામંત્રી સીતારામન પેપરલેસ બજેટ રજુ કરશે

નવી દિલ્હી,તા. ૨૮: ઐતિહાસિક પગલામાં, ૨૦૨૧-૨૨નું કેન્દ્રીય બજેટ પ્રથમ વખત પેપરલેસ સ્વરૂપમાં રજૂ કરવામાં આવનાર છે. સંસદના સભ્યો અને સામાન્ય લોકો દ્વારા બજેટ દસ્તાવેજોની મુશ્કેલી મુકત અ'કસેસ માટે 'યુનિયન બજેટ મોબાઈલ એપ્લિકેશન' પણ લોન્ચ કરવામાં આવી હતી.

સંસદમાં ૧ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ બજેટ રજૂ કરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કેન્દ્રીય બજેટ ૨૦૨૨-૨૩ મોબાઈલ એપ ઉપર દસ્તાવેજોની સંપૂર્ણ અ'કસેસની મંજૂરી આપે છે.

## કેનેડામાં ભારતીય દૂતાવાસ બહાર ખાલીસ્તાની ઝંડો ફરકાવાયો : શીખ સંગઠન દ્વારા ભારત વિરોધી સુત્રોચ્ચાર

વાનકુંવર તા. ૨૮

ભારત સહિત સમગ્ર વિશ્વમાં ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાકદિવસ તરીકે ધામધૂમથી ઉજવણી થઈ છે ત્યારે કેનેડામાં આ દિવસને ખાલિસ્તાનવાદીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવતા ભારે વિવાદ સર્જાયો છે.

કેનેડાના વાનકુવર સ્થિત ભારતીય દૂતાવાસની બહાર ખાલિસ્તાનવાદીઓએ તિરંગાથી ઉપર નિશાન સાહિબનો ધ્વજ ફરકાવ્યો હતો, આ ઉપરાંત ગુરુદ્વારા કાઉન્સિલ, સમૂહ શીખ સંગઠનો તથા ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત શીખ ફોર જસ્ટિસ સંગઠનને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

ગુરુ નાનક શીખ ગુરુદ્વારા સાહિબના મુખ્ય સેવાદાર હરદીપ સિંહ નિઝાર સહિત મોટી સંખ્યામાં ખાલિસ્તાનવાદીઓ એકત્રિત થયા હતા અને ખાલિસ્તાની ઝંડા ફરકાવી ખાલિસ્તાન ઝીંદાબાદના નારા લગાવ્યા હતા.

## મુંદ્રા પોર્ટ ફરી વિવાદમાં : સ્ક્રેપનાં ૧૦ કન્ટેનરમાંથી પાક. સૈન્યનો સામાન મળતા તપાસનો ધમધમાટ

રાજકોટ, તા.૨૮

મુન્દ્રા પોર્ટ ફરી ચર્ચામાં આવ્યું છે. ભંગારના કન્ટેનરમાંથી પાકિસ્તાની સૈન્યનો સામાન મળ્યો છે. આફ્રિકાથી માલ આયાત થયો હતો. જેને પોર્ટ ઉપર જ અટકાવી દેવાયો છે. ત્રણ દિવસથી કાર્યવાહી થઈ રહી છે, પણ કસ્ટમ વિભાગે કોઈ માહિતી જાહેર કરી નથી. જોખમી વસ્તુ મળશે તો સુરક્ષા એજન્સીઓ પણ તપાસમાં જોડાઈ શકે તેવી શકયતા છે. આ અંગે સુત્રોમાંથી મળતી વિગત મુજબ અમદાવાદની સાઈ બંધન ઈન્ફિન્યૂયમ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા મુન્દ્રા બંદર ઉપર આવેલા ટર્મિનલ ખાતે સ્ક્રેપના શિપિંગ બિલ તળે આફ્રિકાથી આવેલા ૧૦ કન્ટેનર આયાત કરવામાં આવ્યા હતા. જેમાં ભંગારનો જથ્થો હતો. કસ્ટમને બાતમી મળી હતી કે, આ ભંગારના જથ્થામાં વાંધાજનક સામગ્રી છે, જેથી આ કન્ટેનરોને રોકવામાં આવ્યા હતા. અને આ ૨૦૦ ટન જેટલા ભંગારની તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પાકિસ્તાની સેના દ્વારા વપરાયેલી યુદ્ધ સામગ્રી પણ મળી આવી છે. જોકે આ અંગે તપાસ કરી કરી રહેલા કસ્ટમ વિભાગે કોઈ માહિતી જાહેર કરી નથી. ત્રણ દિવસથી ચાલતી કાર્યવાહીમાં હજુ તપાસ ચાલી રહી છે, જાણકારોનું કહેવું છે કે, આફ્રિકાથી આયાત થતા ભંગારમાં લશ્કરી સરંજામના અવશેષો મળવા સામાન્ય ગણાય છે, પણ આ વખતે પાકિસ્તાની લશ્કરને સંબંધિત યુદ્ધ સામગ્રીનો જથ્થો હોવાથી તપાસનીશો પણ ચોંકી ઉઠ્યા છે. એવી શક્યતા દર્શાવવમાં આવી રહી છે કે, આવનારા દિવસોમાં આ તપાસમાં ભારતની સુરક્ષા, લશ્કર અને તેને સંલગ્ન એજન્સીઓ પણ જોડાશે અને સામગ્રીની વિગતો મેળવે તેમ બની શકે છે. માધ્યમોમાંથી મળતા અહેવાલો મુજબ કસ્ટમને બાતમી મળી હતી, જેથી ૧૦ કન્ટેનર રોકી દેવાયા છે. ભંગારના લશ્કરી સમાન દારૂ ગોળો કે કારતુસ પણ હોય શકે છે તેવી માહિતીની શંકાએ હાલ ૨૦૦ ટન ભંગારની ઝીણવટભરી તપાસ થઈ રહી છે.

## હવે કેપ્સ્યુલથી કોરોનાનો ઈલાજ થશે

લંડન તા. ૨૮ : કોરોના વાયરસ સામેની લડાઈમાં વધુ એક હથિયાર મળી આવ્યું છે. યુરોપિયન યુનિયનના આરોગ્ય નિયમનકાર એ અમેરિકન કંપની ફાઈઝરની કોવિડ-૧૯ એન્ટિ-વાયરલ પિલના ઉપયોગને મંજૂરી આપી છે. એવું માનવામાં આવે છે કે આ ગોળી કોરોનાના નવા પ્રકારો ઉપર પણ અસરકારક છે અને સંક્રમણને ઝડપથી ફેલાતો અટકાવે છે. યુરોપિયન મેડિસિન એજન્સીએ એક નિવેદન આપતા કહ્યું છે કે તેણે કોરોનાથી પીડિત પુખ્ત વયના લોકોની સારવાર માટે પેકસલોવિડને અધિકૃત કરવાની ભલામણ કરી છે જેમને બીમારીના ગંભીર થવાનું જોખમ છે. પેકસલોવિડને અત્યાર સુધી યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા અને ઈઝરાયેલ સહિત મુઠ્ઠીભર દેશોમાં ૧૨ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકો માટે અધિકૃત કરવામાં આવી છે.

## કેન્દ્રીય કર્મચારીઓને ખુશખબર મળશે : સરકાર ૧૮ મહિનાનું બાકી મોંઘવારી ભથ્થુ આપશે

નવી દિલ્હી, તા. ૨૮ : કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો માટે એક સારા સમાચાર છે. કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (ડીએ)માં વધારાની જાહેરાત ટૂંક સમયમાં થઈ શકે છે. તેની સાથે જ તેમના ૧૮ મહિનાના બાકી ડીએ ઉપર પણ મોટી જાહેરાત થઈ શકે છે. જો આવુ થશે તો સરકારી કર્મચારીઓના ખાતામાં બે લાખ રૂપિયા સુધીની રકમ આવી શકે છે. આ ફાયદો એક કરોડથી વધારે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને મળશે.

કેન્દ્ર સરકારે પોતાના કર્મચારીઓને ૧૮ મહિના એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૦થી ૩૦ જૂન ૨૦૨૧ વચ્ચે ડીએ નથી ચૂકવ્યું. કર્મચારીઓ લાંબા સમયથી તેની માંગણી કરી રહ્યા છે. મીડીયા રીપોર્ટસ અનુસાર, સરકાર બહુ જલ્દી આ અંગે નિર્ણય લઈ શકે છે. જો સરકાર કર્મચારીઓના બાકી ભથ્થા ચુકવવાનો નિર્ણય લે તો કેન્દ્રીય કર્મચારીઓને ૨ લાખ રૂપિયા સુધીની રકમ મળવાની આશા છે.

## ટેલિકોમ કંપનીઓએ હવે ૨૮ નહી ૩૦ દિવસની વેલિડીટી આપવી પડશે : ટ્રાઈનો આદેશ

નવીદિલ્હી,તા. ૨૮: ટેલિકોમ ઓપરેટરોએ હવે પ્રીપેડ સેવાઓનો ઉપયોગ કરતા ગ્રાહકોને ૩૦ દિવસની માન્યતા સાથે રિચાર્જ પ્લાન પ્રદાન કરવા પડશે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ગઈ કાલે આ સંબંધિત આદેશ જારી કર્યો છે. એવું માનવામાં આવે છે કે આ નિર્ણય પછી, ગ્રાહકો દ્વારા એક વર્ષમાં કરવામાં આવતા રિચાર્જની સંખ્યામાં ઘટાડો થશે.

હાલમાં, ટેલિકોમ ઓપરેટરો દ્વારા પ્રીપેડ ગ્રાહકોને ઓફર કરવામાં આવતા પ્લાનની વેલિડિટી ૨૮ દિવસની છે.

## ભોપાલમાં શ્વેતા તિવારી ઉપર એફઆઈઆર : ભગવાન અંગેની મજાક મોંઘી પડી

મુંબઈ તા. ૨૨

'બિગ બોસ' વિનર તથા એક્ટ્રેસ શ્વેતા તિવારી ઉપર ભોપાલમાં શ્યામલા હિલ્સ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર કરવામાં આવી છે. તેની ઉપર ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડવાનો આરોપ છે. ભોપાલમાં વેબ સિરીઝના પ્રમોશન માટે આવેલી શ્વેતાએ મીડિયાની સામે કહ્યું હતું કે તેની બ્રાની સાઈઝ 'ભગવાન' માપી રહ્યાછે. ભોપાલના રહેવાસી સોનુ પ્રજાપતિ (૨૯)એ પોલીસ ફરિયાદ કરી છે. મધ્યપ્રદેશના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રાએ શ્વેતા તિવારીના નિવેદન ઉપર વિરોધ પ્રગટ કરીને ભોપાલ પોલીસ કમિશ્નર પાસે રિપોર્ટ માગ્યો હતો. પોલીસ હવે એક્ટ્રેસને આ નિવેદન બદલ નોટિસ ઈશ્યૂ કરશે.

## આજે બિહાર બંધ દરમ્યાન વ્યાપક હિંસા : ચક્કાજામ, આગજની, દેખાવો

પટણા, તા. ૨૮ :

રેલ્વેની બીનટેકનીકલ લોકપ્રિય સંવર્ગની ભરતી પરીક્ષામાં ગોટાળાના આરોપમાં બિહારમાં વિદ્યાર્થીઓનું આંદોલન વેગ પકડી રહ્યુ છે. આંદોલનના પાંચમા દિવસે આજે બિહાર બંધનું એલાન આપવામાં આવ્યુ છે. જેને અનેક છાત્ર સંગઠનો અને મહાગઠબંધનના ઘટક દળો સહિત વિપક્ષોએ સમર્થન આપ્યુ છે. એનડીએમાં સામેલ ભાજપને બાદ કરતા બધા પક્ષો બંધના સમર્થકો સાથે છે. આજે દેખાવકારોએ ઠેર ઠેર ચક્કાજામ કર્યા છે. અત્યાર સુધીમાં પટણા, દરભંગા, વૈશાલી, સમસ્તીપુર સહિત અનેક સ્થળોએ ચક્કાજામના અહેવાલો મળ્યા છે. દરભંગામાં ટ્રેનો પણ રોકવામાં આવી છે.

આ દરમ્યાન છાત્રોને ભડકાવવાના આરોપીત ઘટનાના ખાનસરે છાત્રોને આંદોલનમાં સામેલ નહી થવાની અપીલ કરી છે. બંધને જોતા સમગ્ર બિહાર પોલીસ એલર્ટ ઉપર છે. પટણામાં આજે સવારથી દુકાનો, વાહનોની અવરજવર બંધ છે. રસ્તા ઉપર ઠેરઠેર બંધના સમર્થકો જોવા મળી રહ્યા છે. અમુક વિસ્તારોમાં આગજનીના અહેવાલો પણ મળી રહ્યા છે. પટણાના છપરા પાસે આરજેડી સમર્થકોએ બાયપાસ જામ કરી દીધો છે.

બિહાર બંધની અસર ટ્રેનો ઉપર પણ પડવા લાગી છે. દરભંગામાં આંદોલનકારીઓએ ટ્રેન રોકી દેખાવો કર્યા છે. પટણામાં જન અધિકાર પાર્ટીના કાર્યકરો પણ વિદ્યાર્થીઓની સાથે જોવા મળી રહ્યા છે.

## સમાચાર રાઉન્ડ અપ

- ચૂંટણી સમયે રાજકીય વિરોધીઓ ઉપર કાર્યવાહી એ ચૂંટણી વાયરસ : સુપ્રિમ કોર્ટ
- કોરોનાનાં દૈનિક કેસમાં ૩૪ હજાર કેસનો ઘટાડો નોંધાયો
- પાકિસ્તાનનાં બ્લુચિસ્તાન પ્રાંતમાં આતકંવાદી હુમલો : ૧૦ જવાન શહિદ
- જનરલ એમ.એન. નરવણે ભારતનાં બીજા સીડીએસ બનશે
- ડેટાવગર નોકરીનાં પ્રમોશનમાં અનામત આપી શકાય નહી : અનામતની શરતો હળવી કરવા સુપ્રિમ કોર્ટનો ઈન્કાર
- અમેરીકા - કેનેડા બોર્ડર ઉપર મૃત્યું પામેલા ચાર વ્યકિત ભારતીય નાગરીકો - કેનેડા સરકારે સત્તાવાર પુષ્ટી કરી

ફ્રી... ફ્રી... ફ્રી... ફ્રી...



સાઉદી અરેબીયા - દુબઈ માટે વર્કર તાત્કાલીક જોઈએ છે

કડીયાકામ, સુથારી કામ, દરજી કામ, પાર્લર, વેલ્ડર ગેરેજ, મીકેનીક, એન્જીનીયર, ડ્રાઈવર, વેઈટર, રસોયા અને ઘરકામ કરી શકે તેવી બહેનો - ભાઈઓની જરૂર છે

કંપની તરફથી વિઝા અને ટિકીટ તદન ફ્રી છે ફકત રજીસ્ટ્રેશન ચાર્જ રૂા.૫૦૦૦ લેવામાં આવશે

નોંધ : ફ્રેશર પણ ચાલશે, મોલમાં કામ કરી શકે તેની જરૂર છે.

આજે જ સંપર્ક સાધો

કોન્ટેકટ : ૯૧૭૩૨ ૩૬૪૨૭

સુગર ફ્રી, શુધ્ધ ઘીનાં ડ્રાયફ્રુટ અડદીયા

જગદિશ બુધ્ધદેવ મો.૯૮૨૪૩ ૮૮૧૫૮
દિનેશ બુધ્ધદેવ મો.૯૮૭૯૯ ૨૭૬૦૫
વિજય બુધ્ધદેવ મો.૯૯૯૮૧ ૯૫૯૮૧




આપના ઓર્ડર મુજબ મિઠાઈ તથા ફરસાણ બનાવી આપશું

ભાટીયા ધર્મશાળા રોડ, જૂનાગઢ. ફોન : ૨૬૨૨૧૯૪

ૐ ઉપચાર કેન્દ્ર

ડૉ. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
- નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

તમામ પ્રકારનાં ગેસ વેલ્ડીંગ, મેડીકલ ઓકસીજન, વેલ્ડીંગ રોડ, ટુલ્સ, એલપીજી ગેસ અને એસેસરીઝ

હોલસેલ પણ મળશે




ઉમા ટ્રેડર્સ

રીલાયન્સ પેટ્રોલ પંપ સામે, દોલતપરા, જૂનાગઢ

રાકેશ અગ્રવાલ : ૦૨૮૫-૨૬૬૧૦૧૮ - ૯૮૯૮૧ ૮૬૨૧૯

દર મહિને રૂપિયા ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ કમાવો

મોબાઈલમાં ઓનલાઈન

+91 91732 36427

2Captcha

નો ટાર્ગેટ, નો એક્યુરેસી, નો વર્ક ટાઈમ લીમીટ

દર ૧૫-દિવસે પેમેન્ટ ચુકવવામાં આવશે.



પહેલો માળ, આશિવાદ કોમ્પ્લેક્ષ, જયશ્રી રોડ, જુનાગઢ.

રજીસ્ટ્રેશન માટે રૂબરૂ મળો.

શું તમે ઉધઈથી પરેશાન છો ?

ઉધઈ, વંદાની દવા ગેરંટીથી છાંટી આપીશું, આપના રેસીડેન્ટ, મકાનમાં વિશ્વાસપૂર્વક કામ કરી આપીશું તથા નવા મકાનમાં પાઈપ ફીટીંગ કરી આપીશું.



ઉધઈ થી બચો

જય માતાજી પેસ્ટ કંટ્રોલ સર્વિસ

અજયભાઈ - ૬૩૫૪૮ ૬૩૫૭૪

ઉધઈ ન થવાની પુરા ૧૦ વર્ષની લેખિત ગેરંટી સાથે

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

બહેરાશ નિવારણ માટેનું એકમાત્ર હાઈટેક કલીનીક

શું તમને સાંભળવાની તકલીફ કે બહેરાશ છે ?

સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે ગુજરાત સરકારની રૂા. ૫૦,૦૦૦/- ની હીયરીંગ મશીનની રીએમ્બર્સમેન્ટ યોજનાનો લાભ તથા માર્ગદર્શન.

છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ એટલે

VATSALYA

નિષ્ણાંત કવોલીફાઈડ ઓડીયોલોજીસ્ટ દ્વારા કાનની બહેરાશની તપાસ તેમજ વોટરપ્રુફ/વાયરલેસ અને તમારા મોબાઈલથી કનેકટ થઈ જાય તેવા વિશ્વના એડવાન્સ ટેકનોલોજીવાળા યુરોપની કંપનીના ૧૦૦% ડીઝીટલ મશીન પર ટ્રાયલ તથા કન્સલટન્સી.

બોલવામાં કોઈપણ પ્રકારની તકલીફ માટે સ્પીચ થેરાપી સારવાર ઉપલબ્ધ

તો આજે જ બેસ્ટ કવોલીટી, બેસ્ટ સર્વિસ અને બેસ્ટ રીઝલ્ટની ખાત્રી માટે અચુક સંપર્ક કરો

વાત્સલ્ય સ્પીચ એન્ડ હીયરીંગ કલીનીક

જુનાગઢ ૧૫૯, પ્રિઝમ કોમ્પલેક્ષ, પહેલા માળે, એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, પતંજલી ચિકિત્સાલયની ઉપર, જુનાગઢ

રાજકોટ વોકાર્ડ હોસ્પીટલની બાજુમાં, સોની સેન્ટર શો-રૂમવાળી શેરી, ટી પોસ્ટની સામે, કાલાવડ રોડ, રાજકોટ.

જામનગર ૩૦૬, સિધ્ધીવિનાયક પ્લાઝા, ત્રીજો માળ, મીગ કોલોની કોર્નર, મયુર મેડીકલની સામે, એસ. ટી. બસ સ્ટેન્ડ પાસે.

ફોનથી એપોઈન્ટમેન્ટ લઈને જ આવવું. મો. ૯૬૦૧૦ ૪૦૦૦૨, ૯૮૯૮૧ ૫૫૮૮૨

# દેવભાષા સંસ્કૃત અને ગર્ભ સંસ્કાર શાસ્ત્રના અધ્યયનની આવશ્યકતા વિષય ઉપર સમાજશાસ્ત્ર ભવન દ્વારા વ્યાખ્યાન યોજાયું

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરના તજજ્ઞ ડો. ભૈરવી દિક્ષિતનું મનનીય પ્રવચન





જૂનાગઢ તા.૨૮

સમાજશાસ્ત્ર વિભાગ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા સાંપ્રત સમયમાં દેવભાષા સંસ્કૃત અને ગર્ભ સંસ્કાર શાસ્ત્રનાં અધ્યયનની આવશ્યકતા વિષય ઉપર કુલપતિ ડો. ચેતન ત્રિવેદીના અધ્યક્ષસ્થાને વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય તજજ્ઞ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરનાં પ્રાધ્યાપક ડો. ભૈરવીબેનદિક્ષિત હાજર રહ્યા હતાં. તેઓએ સાંપ્રત સમયમાં સંસ્કૃતનું મહત્વ, સંસ્કૃત વિષયનો વ્યાપ, અધ્યયન પધ્ધતિ તેમજ ગર્ભ સંસ્કાર શાસ્ત્ર વિષય ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેઓએ અભિમન્યુ, સ્વામી વિવેકાનંદ સહિતના ઉદાહરણો સાથે ગર્ભ સંસ્કાર શાસ્ત્ર અને તેજસ્વી અને યશસ્વી બાળક વિશે સમજ આપી હતી. વ્યક્તિ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર, વિશ્વ, સૃષ્ટિ, પરમેષ્ઠી, સામાજિક પુનરૂત્થાન, શિક્ષણ, સંસ્કાર વિષે પણ વિસ્તૃત સમજણ આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ ડો. જયસિંહ ઝાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું તથા અંતમાં આભાર વિધિ ડો. પરાગ દેવાણીએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. ઋષિરાજ ઉપાધ્યાયે કર્યું હતું. હાલમાં યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોમાં અંદાજે ૯૦ ટકા જેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહી છે. તે બાબતે પણ ડો. ભૈરવીબેન દિક્ષિતે પ્રસન્નતા વ્યકત કરી હતી.

# ગુજરાતમાં પણ કંસારા જ્ઞાતિનો ઓબીસીમાં સમાવેશ કરવાની માંગણી સાથે જૂનાગઢમાં આવેદનપત્ર અપાયું





જૂનાગઢ તા.૨૮

કંસારા જ્ઞાતિનો ઓબીસીમાં સમાવેશ કરવાની માંગને લઈ મુખ્યમંત્રીને સંબોધીને એક આવેદન પત્ર જૂનાગઢ જિલ્લા કલેકટરને અપાયું છે. શ્રી મારૂ કંસારા યુવક મંડળ દ્વારા અપાયેલા આવેદનમાં જણાવાયું કે, દેશના ૧૮ રાજયોમાં કંસારા જ્ઞાતિનો ઓબીસીમાં સમાવેશ છે. ત્યારે ગુજરાતમાં પણ ઓબીસીમાં સમાવેશ કરવાની માંગ છે. કંસારા જ્ઞાતિના લોકો તાંબા, પિત્તળના વાસણો બનાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. જોકે, હવે સ્ટેનલેસ સ્ટિલ અને એલ્યુમિનીયમનો વપરાશ વધી જતા રોજગારી ઘટી રહી છે. ઓછી આવક અને ખર્ચાળ-મોંઘું શિક્ષણ થતા ઉચ્ચ અભ્યાસ કરાવવામાં મુશ્કેલી પડી રહી છે. જ્યારે જે પેટે પાટા બાંધીને ભણાવે છે તેવા પરિવારના સંતાનો ઓપન કેટેગરીમાં હોવાથી મેડિકલ, એન્જિનીયરીંગ જેવા અભ્યાસક્રમોમાં જોડાઈ શકતા નથી. ત્યારે ૫૦,૦૦૦ની વસ્તી ધરાવતી કંસારા જ્ઞાતિની ૨૫ વર્ષ જૂની ઓબીસીમાં સમાવવાની માંગ સ્વિકારી લેવાની ફરી રજુઆત કરાઈ છે. આ તકે પ્રમુખ પરેશભાઈ બુદ્ધભટ્ટી, ઉપપ્રમુખ વિજયભાઈ પરમાર, મંત્રી મહેશભાઈ છત્રાળા, રાધેભાઈ સોલંકી, કિષ્નાબેન બારમેડા તેમજ કંસારા જ્ઞાતિના અગ્રણીઓની ઉપસ્થિતી રહી હતી.

# શીલ માધ્યમિક શાળા ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા. ૨૮

છેલ્લા ત્રણ દાયકાથી શિસ્ત, સંસ્કાર સાથે શિક્ષણનું ઘડતર કરતી શીલ ગ્રામ પંચાયત સંચાલીત શીલ માધ્યમિક શાળાનાં પરીસર ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિનની સાદગીપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્ય જગદીશભાઈ ભરડાએ યુવા સરપંચ જયેશભાઈ ચુડાસમાનું અભિવાદન કર્યુ હતું. આ કાર્યક્રમમાં હોમગાર્ડ કમાન્ડન્ટ પ્રાગજીભાઈ ભુડીંયા, પોલીસ સ્ટેશનનો સમગ્ર સ્ટાફ, હોમગાર્ડની પ્લાટુન, શિક્ષક ગણ, વિદ્યાર્થી ગણ, ગામનાં અગ્રણીઓ સહીત લોકો ઉપસ્થિત રહયા હતાં.

# જૂનાગઢમાં ભગવાન પરશુરામ ગાથાનાં કાર્યક્રમમાં અગ્રણીઓએ હાજરી આપી



જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ સારસ્વત બ્રહ્મ સમાજમાં પેરાણી પરિવાર દ્વારા ભગવાન શ્રી પરશુરામ ગાથાના આયોજનમાં જૂનાગઢ બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટના સંસ્થાપક જયદેવભાઈ જોશીએ ખાસ હાજરી આપીને પ્રસંગને દીપાવેલ હતો. આ તકે દેવાંગભાઈ વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં અશ્વપ્રેમી દ્વારા અનોખી રીતે પ્રજાસત્તાક દિનની ઉજવણી







જૂનાગઢ તા.૨૮

આર.કે સી રાઈડીંગ કલબના સંચાલક અશ્વ પ્રેમી કાલીચરણ ચાવડાની યાદી જણાવે છે કે, જૂનાગઢ ખાતે સંસ્થા દ્વારા અલગ જ એક વિશિષ્ટ રીતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવેલ. આ સંદર્ભે એની પાછળનું કારણ દેશના રાષ્ટ્રપતિની સુરક્ષામાં જે અશ્વ તૈનાત હોય છે તેમાંનો એક અશ્વ વિરાટ કે જે એક માત્ર અશ્વ છે કે જે ૧૩ વખત રાષ્ટ્રીય તહેવાર નિમિત્તે પરેડમાં સામેલ થઈ રેકોર્ડ સ્થાપેલ હોય, ત્યારે આ વિરાટ અશ્વને સન્માનિત કરી રિટાયર્ડ કરવામાં આવેલ છે. આ વિરાટ અશ્વ એવી હસ્તી છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેને સ્નેહથી પંપાળી પ્રોત્સાહિત કરતા હતા. આવા વિરાટને સન્માન મળવાની ખુશાલીમાં આર.કે.સી. કલબના ૫ ઘોડેસવાર યુવાનો દ્વારા જૂનાગઢના રાજમાર્ગ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવતા શહેરમાં પરિભ્રમણ કરતા લોકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. આ અનેરી ઉજવણીને જૂનાગઢની જનતાએ પણ ખૂબ જ સારો પ્રતિસાદ આપ્યો હતો. અંતે શહીદ સ્મારક ગાર્ડન ખાતે ઉજવણી કરી એક વિશિષ્ટ અશ્વ પ્રેમ ઉજાગર કરવામાં આવેલ હતો.

# જૂનાગઢ જિલ્લામાં બાગાયત ખાતા હેઠળ ચાલતી નેટ હાઉસ સહિતની યોજનાઓમાં સહાય અપાશે

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ જિલ્લામાં બાગાયતદારો માટે બાગાયત અંતર્ગત ખેડૂતોને નેટ હાઉસ નળાકાર સ્ટ્રકચર માટે, પોલી હાઉસ(નેચરલી વેન્ટીલેટેડ)-નળાકાર સ્ટ્રકચર માટે, પ્લાસ્ટીક ટનલ્સ આમ ત્રણ ઘટકોમાં સહાય આપવામાં આવે છે. આ યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતો તા.૩૧ જાન્યુઆરી સુધી ઓનલાઈન (ikhedut.gujarat.gov.in) ઉપર અરજી કરી શકશે. ઓનલાઈન અરજીની નકલ સાથે જરૂરી સાધનિક પુરાવા નાયબ બાગાયત નિયામકની કચેરી, લઘુ કૃષિ ભવન, બહુમાળી ભવન સામે, જૂનાગઢની કચેરી ખાતે રજૂ કરવાના રહેશે. વધુ માહિતી માટે ફોન નંબર ૦૨૮૫ ૨૬૩૫૦૧૯ ઉપર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક, જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

### જીલ્લા લેઉવા પટેલ મહિલા મંડળ દ્વારા આયોજન

# જૂનાગઢમાં બે બહેનોને આત્મનિર્ભર બનાવવા માટે સિલાઈ મશીન અર્પણ કરાયા



જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ જીલ્લા લેઉવા પટેલ મહિલા મંડળ દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે જૂનાગઢનાં જોષીપરા વિસ્તારમાં બે જરૂરીયાતમંદ બહેનોને આત્મનિર્ભર બનાવવા માટે સિલાઈ મશીન અર્પણ કરવામાં આવ્યા હતાં. આ તકે હરસુખભાઈ વઘાસીયા, પ્રિતીબેન બાબુભાઈ વઘાસીયા, કિરણબેન સોજીત્રા, મનીષાબેન દોંગના ઉપસ્થિત રહયા હતાં. લેઉવા પટેલ મહિલા મંડળ દ્વારા અત્યાર સુધીમાં ૪૯૭૦ બહેનોને આવા આશયથી સિલાઈ મશીન અર્પણ કરાયા છે. ૧૯૫૦ દિકરીઓને સમુહલગ્નનાં માધ્યમથી સાસરે વળાવવામાં આવી છે.

# આલીધ્રાના વૃંદાવન આશ્રમ ખાતે ૧૧ દિવસની અખંડ રામધુન, મહાપ્રસાદીનો કાર્યક્રમ મોકુફ

જૂનાગઢ તા.૨૮

મેંદરડા તાલુકાના આલીધ્રા ખાતેના વૃંદાવન આશ્રમ ખાતે પ્રતિ વર્ષે પરમ પુજ્ય ગુરૂદેવશ્રી બ્રહ્મચારી બાપુના નિર્વાણ દિવસ(ભીષ્માષ્ટમી)થી તેમના પ્રાગટ્ય દિવસ(મહાવદી ત્રીજ) દરમ્યાન કુલ-૧૧ દિવસ દરમ્યાન અખંડ રામધુન-ગુરૂપુજન તથા મહાપ્રસાદી તા.૮ થી ૧૯ ફેબ્રુઆરી સુધી આયોજન થતું જે આ વર્ષે મોકુફ રાખેલ છે. કોવિડ-૧૯ની પ્રવર્તમાન ગંભીર પરિસ્થિતિ તથા સરકારની માર્ગદર્શિકાને અનુસરીને આ આયોજન આ વર્ષે મોકુફ રાખવામાં આવ્યું છે. વૃંદાવન આશ્રમ, આલીધ્રાના ટ્રસ્ટી મંડળ દ્વારા સૌ ધર્મનિષ્ઠ અનુયાયીને નમ્ર અરજ કરવામાં આવે છે કે, તેઓ સૌ ભીષ્માષ્ટમીથી મહાવદી ત્રીજના ઉકત સમયગાળા દરમ્યાન આશ્રમમાં ન આવવા જણાવ્યું છે અને સ્વગૃહે જ રહીને ગુરૂપૂજન કરે તથા સતત નામસ્મરણ કરીને આ કાર્યને સફળ બનાવવામાં સહયોગ આપવા જણાવાયું છે.

# ગુજરાતમાં તકોનાં અભાવે આપણા યુવાનોને વ્યવસાય અને નોકરીની શોધમાં બીજા દેશમાં જવું પડે છે : અર્જુન મોઢવાડિયા

અમદાવાદ તા.૨૮

ગુજરાતમાં યુવાનોને તક મળતી ન હોવાથી તેઓનો વ્યવસાય અને નોકરીની શોધમાં બીજા દેશમાં જવું પડે છે તેવા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કરેલા નિવેદનને ટેકો આપતા કોંગ્રેસનાં નેતા અર્જુન મોઢવાડિયાએ રાજય સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, ગુજરાતનો રોજગારી માટે અમેરિકાની સિલીકોન વેલીથી શરૂ કરીને આપણા દેશમાં બેંગ્લોર કે હૈદરાબાદમાં જઈ કારકિર્દી બનાવવા મજબુર બને છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં કલોલ તાલુકાનાં ડિંગુચા ગામનાં પાટીદાર પરિવારનાં ચાર સભ્યો કેનેડાથી અમેરિકા વચ્ચે માઈનસ ૩૫ ડિગ્રી ઠંડીમાં થીજી જતા મોતને ભેઠાય હતા. આ ઘટનાને વાગોળી પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે ગુજરાતમાં યુવાનોને તક ન મળતી હોવાની હૈયાવરાળ ઠાલવી હતી. નીતિન પટેલનાં નિવેદનનો સમર્થન આપતા કોંગ્રેસનાં નેતા અને પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ કહ્યું હતું કે, થોડા દિવસ પહેલા ગુજરાતનાં એક જ પરિવારનાં ચાર સભ્યો કેનેડાથી અમેરિકામાં પ્રવેશ કરતા બોર્ડર ઉપર બરફનાં તોફાનમાં થીજી ગયા અને તેમનાં દુઃખદ મૃત્યું થયા. ભાજપનાં વિરષ્ઠ નેતા અને વર્ષો સુધી મંત્રી રહેલ નિતીન પટેલે આ બાબતો અફસોસ સાથે કહેવું પડયું કે, ગુજરાતમાં તકોનાં અભાવે આપણા યુવાનોને વ્યવસાય અને નોકરીની શોધમાં બીજા દેશમાં જવું પડે છે. એટલે આપણે સહુએ અહીં રોજગારીની સારી તકોનું સર્જન થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. આથી નિતીન પટેલે વાસ્તવિકતા હતી તે કહી અને તે બાબતે સલાહ પણ આપી. પરંતુ ભાજપ સરકારનાં વર્તમાન મંત્રી મંડળનાં સભ્ય હર્ષ સંઘવીએ પોતાની જ પાર્ટીનાં વરિષ્ઠ નેતાનાં નિવેદને ખોટું ગણાવી ગુજરાતમાં રોજગારીની તકોનું આભાસી ફુલ ગુલાબી ચિત્ર દર્શાવી પ્રજાને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો છે. અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, રાજયનો આઈટીપાસ અમેરિકાની સિલીકોન વેલીથી શરૂ કરીને ભારતમાં હૈદરાબાદ, બેંગ્લોરમાં જઈ પોતાની કારર્કિદી બનાવવા મજબુર છે. કારણ કે ગુજરાતમાં આઈટી ક્ષેત્રે કારર્કિદીની તકો લગભગ શૂન્ય સમાન છે. ગુજરાતનાં એન્જિનિયર, એમબીએ થયેલ યુવાનો બેરોજગાર છે. કોમર્સ કે અન્ય શાખાનાં ગ્રેજયુએટ યુવાનો માટે પણ રોજગારીની પુરતી તકો નથી. જે સરકારી નોકરીની તકો છે તેમાં પણ કૌભાંડો કરીને ભરતીઓ કરાય છે. રાજયની ભાજપ સરકાર યુવાનોને ના તો મફત શિક્ષણની વ્યવસ્થા આપી શકે છે, ના અભ્યાસ બાદ રોજગારીની તકો આપી શકે છે. આવી દુઃખદ સ્થિતિ છે. સાચી સ્થિતિ સ્વિકારીને રાજયમાં રોજગારીની તકોનું સર્જન કરવા માટે સરકારે આગળ આવવું જોઈએ.

# માંગરોળ તાલુકાના લોએજ ગામની એસડીબી સ્કૂલમાં અટલ ટ્રેકિંગ લેબ શરૂ કરાઈ



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૨૮

માંગરોળ તાલુકાના લોએજ ગામમાં આવેલ એસડીબી સ્કૂલ ખાતે નિતી આયોગ કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૫માં શરૂ કરવામાં આવેલ યોજના અંતર્ગત અટલ ટ્રેકિંગ લેબ માટે રૂા.૨૦,૦૦૦૦૦ મંજુર કરવામાં આવ્યા છે. તે અંતર્ગત સ્કૂલ ખાતે સ્પેશિયલ લેબ માટેની બિલ્ડિંગ તૈયાર કરાઈ છે. આ સ્કૂલમાં આજુબાજુના ગામડાના ૩૦૦ જેટલા છાત્ર-છાત્રાઓ અભ્યાસ કરે છે અને તેઓમાં છુપાયેલ કૌશલ્યને બહાર લાવવામાં આ અટલ ટ્રેકિંગ લેબ ખરેખર ખુબ જ ઉપયોગી બની રહેશે અને વિદ્યાર્થીઓ પણ ખુબ જ ઉત્સાહિત છે. આ લેબની શરૂઆત કરાવવામાં ગામના યુવા અને ઉત્સાહી સરપંચ રવિભાઈ નંદાણીયાએ ખાસ જહેમત ઉઠાવેલ હતી.

# ઉના શહેરી કોટ વિસ્તારમાં મુસ્લિમ બિરાદરોએ ગણતંત્ર દિવસ ઉજવ્યો



(નિરવ ગઢિયા દ્વારા) ઉના તા.૨૮

ઉના શહેરમાં આવેલ કોટ વિસ્તારમાં પહેલીવાર મુસ્લિમ બિરાદરો દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને તેમાં વકીલગણ તેમજ વેપારી એસોસિએશન પ્રમુખ અબ્બાસભાઈ અને આયોજન કરનાર સમીરભાઈ ભિસ્તી અને વકીલગણના એડવોકેટ સમીરભાઈ અને તેમની સમગ્ર ટીમ એકત્રિત થઈને ધ્વજવંદનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો અને તેમાં ભારત દેશ અને બંધારણ વિષે અનોખી વાતો કરવામાં આવી હતી.

# રાત્રે ઓનલાઈન સુનાવણી કરી કેરળ હાઈકોર્ટે ન્યાયપાલિકામાં ઈતિહાસ સર્જ્યો

કોચી તા.૨૮

ન્યાયતંત્રનાં ઈતિહાસમાં પ્રથમવાર કેરળ હાઈકોર્ટે સોમવારે રાત્રે ઓનલાઈન સુનાવણી હાથ ધરી હતી. આ સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે કોચીમાં લંગારાયેલા જહાજને જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ સુનાવણી રાત્રે ૧૧:૩૦ વાગે શરૂ કરી જસ્ટિસ દેવન રામચંદ્રને ઈતિહાસ સર્જ્યો હતો. સોમવારે રાત્રે ૧૧:૩૦ વાગે સુનાવણી કરી જે જહાજને જપ્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો તે જહાજ મંગળવારે સવારે ૫ વાગે કોચી બંદર ઉપરથી ચાલ્યું જવાનું હતું. ગ્રેસ ઈન્ટરનેશનલ કંપની દ્વારા દાખલ કરવામાં આવેલા એડમિરાલિટી સ્યુટની સુનાવણી કરતી વખતે આ ચૂકાદો આપવામાં આવ્યો હતો. આ સ્યુટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, જહાજને આપવામાં આવેલા પાણીનાં પુરવઠા પેટે તેની માલિકીની કંપની પાસેથી રૂા.૨ કરોડથી વધુ રકમ લેવાની બાકી છે. જોકે, કોર્ટે તેનાં આદેશમાં આ પણ કહ્યું હતું કે, જો રૂા.૨૫,૦૦૦ વ્યાજની સાથે રૂા.૨,૪૩,૭૫,૦૦૦ની રકમ ચૂકવી દેવામાં આવશે તો આ જપ્તીનો આદેશ રદ થઈ જશે. પરંતુ જો જપ્તીનાં આદેશનાં અમલ પછી ૧૫ દિવસમાં રકમ જમા કરાવવામાં નહી આવે તો સાત દિવસમાં જહાજની હરાજીની પ્રક્રિયા શરૂ થઈ જશે.

# બ્રુનેઈનાં સુલતાનની પુત્રીનો જાજરમાન લગ્ન સમારોહ યોજાયો

નવી દિલ્હી તા.૨૮

બ્રુનેઈનાં સુલતાન હસનઅલ બોલ્કિયાની ૩૬ વર્ષીય દીકરી અને રાજકુમારી ફદજિલ્લાહ લુબાબુલે અવાંગ અબ્દુલ્લાહ નબીલ મહમૂદ અલ-હાશિમી સાથે લગ્ન કરી લીધા છે. રાજકુમારીએ લગ્નની વિધિઓ દરમ્યાન પન્ના અને હીરા જડેલા તાજ પહેર્યા હતા જેની તસ્વીરો ખૂબ જ વાયરલ થઈ રહી છે. આ ભવ્ય લગ્ન સમારંભની શરૂઆત ગત ૧૬ જાન્યુઆરીનાં રોજ થઈ હતી અને તે એક સપ્તાહ સુધી ચાલ્યા હતા. ફોર્બ્સનાં અહેવાલ પ્રમાણે તેલથી સમૃધ્ધ એવા બ્રુનેઈના સુલતાન હસનઅલ બોલ્કિયા વિશ્વનાં સૌથી ધનવાન રાજઘરાણાઓમાંથી એક છે અને તેમની કુલ સંપતિ ૨૦ બિલિયન ડોલર કરતા પણ વધારે છે. સુલતાનને ૨ પત્નીઓ અને ૧૨ બાળકો છે તથા કિંગ્સટન યુનિવર્સિટીની ગ્રેજયુએટ લુબાબુલ તેમનું ૯મું સંતાન છે. ફદજિલ્લાહે લગ્નમાં જે ઘરેણા પહેર્યા હતા તે પોતાની સ્ટેપ મધરનાં રોયલ કલેકશનમાંથી મેળવ્યા હોવાનું સામે આવ્યું છે. તે સુલતાનની બીજી પત્નીની દીકરી છે અને સુલતાને તેમને ૨૦૦૩નાં વર્ષમાં છૂટાછેડા આપી દીધા હતા. સુલતાનને બીજી પત્નીથી કુલ ૪ બાળકો છે જેમાં ૩૦ વર્ષીય પ્રિન્સ માટીન એક ઈન્સ્ટાગ્રામ સ્ટાર છે. સુલતાનનાં સત્તાવાર નિવાસ સ્થાન ઈસ્તાના નુરૂલ ઈમાન ખાતે આ લગ્ન યોજાયા હતા. વિશ્વનાં સૌથી વિશાળ મહેલ પૈકીના એક એવા આ મહેલમાં ૧,૭૦૦ રૂમ છે અને ૫,૦૦૦ માણસો સમાઈ શકે તેટલો વિશાળ બેન્કવેટ હોલ પણ છે. લગ્નની એક વિધિ ઓમર અલી સૈફુદ્દીન મસ્જિદ ખાતે પણ યોજાઈ હતી. પ્રિન્સેસ ફદજિલ્લાહ બ્રુનેઈની નેશનલ નેટબોલ ટીમની કેપ્ટન છે અને તો પતિ ઈરાકનો છે પરંતુ કેનેડામાં વસે છે.

# રાજ્યમાં કોરોના વેક્સીનનાં બંને ડોઝની ૧૦૦ ટકા કામગીરીમાં જૂનાગઢ જીલ્લો પ્રથમ ક્રમે છે : મંત્રી અરવિંદભાઈ રૈયાણી

## જૂનાગઢ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિનની કોવિડ-૧૯ની માર્ગદર્શિકા સાથે ઉજવણી






જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાના ૭૩માં પ્રજાસત્તાક પર્વની કોવિડ-૧૯ની ગાઈડ લાઈન સાથે ઉજવણી કરવામાં આવી હતી. રાજ્ય વાહન વ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણીએ ધ્વજને સલામી આપી હતી.

આ પ્રસંગે મંત્રી અરવિંદભાઈ રૈયાણીએ ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું કે, આજના પાવન દિવસે ૭૨ વર્ષ પહેલા લોકતાંત્રિક ગણરાજ્યનો સ્વીકાર કર્યો હતો. આજે આપણો દેશ વિશ્વની ત્રીજી મહા સત્તા તરીકે ઉભરી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સશક્ત અને દિર્ઘદ્રષ્ટી પૂર્ણ નેતૃત્વના પરિણામે વિશ્વભરમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની આ યાત્રામાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર ભાઈ પટેલના ઉર્જાવાન નેતૃત્વમાં આપણે આગળ વધી રહ્યા છે.

મંત્રીએ ઉમેર્યુ હતું કે શિક્ષણ, રોજગાર, કૃષિ ઉદ્યોગ, વંચિતોનો વિકાસ, પીવાના પાણીની સવલત સહિતના ક્ષેત્રે સિદ્ધિના સોપાનો ગુજરાત સર કરી રહ્યું છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસના મંત્રને આપણા મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાત સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. કોરોનાને નિયંત્રણમાં રાખવા રાજ્ય સરકાર દ્વારા વ્યાપક પગલા લેવામાં આવ્યા છે. કોરોના સામે રોગપ્રતિકારક શક્તિ વધે, સંક્રમણ અટકે તેમજ મહામારી સામે રક્ષણ મળે તે ઉદેશથી રાજ્યમાં છેલ્લા ૧૨૧ દિવસમાં ૫૩.૮૭ લાખથી વધુ લોકોને કોવિડ રસીકરણનો પ્રથમ ડોઝ તથા ૨.૩૩ કરોડ લોકોને દ્વિતીય ડોઝ અપાયો છે. હાલ કુલ ૪.૭૭ કરોડ લોકોને કોવિડ રસીકરણનો પ્રથમ ડોઝ ૪.૩૬ કરોડ લોકોને દ્વિતીય ડોઝ અપાયો છે. રાજ્યમાં કોરોના વેક્સીનના બંને ડોઝની ૧૦૦ ટકા કામગીરીમાં જૂનાગઢ જિલ્લો પ્રથમ ક્રમે છે. કલેક્ટર, ડીડીઓના માર્ગદર્શન હેઠળ સમગ્ર વહિવટીતંત્ર, આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયતના સહિયારા પ્રયાસોથી જૂનાગઢે આ સિદ્ધિ મેળવી છે. કાર્યક્રમ બાદ મંત્રીશ્રીના હસ્તે પટાંગણમાં વૃક્ષારોપણ કરાયું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન ખટારિયા, મેયર ધીરૂભાઈ ગોહેલ, જૂનાગઢ માર્કેટીંગ યાર્ડના ચેરમેન અને ભાજપ પ્રમુખ કીરીટભાઈ પટેલ, ધારાસભ્ય ભીખાભાઈ જોષી, ડેપ્યુટી મેયર હિમાંશુભાઈ પંડ્યા, મનપા સ્ટેડીંગ કમિટીના ચેરમેન રાકેશ ધુલેશિયા, અગ્રણી દિનેશભાઈ ખટારિયા, ગીરીશભાઈ કોટેચા, જિલ્લા કલેક્ટરશ્રી રચિત રાજ, જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરિખ, ડીસીએફ સુનિલ બેરવાલ, આસિસ્ટન્ટ કલેક્ટર અંકિત પન્નુ, હનુલ ચૌધરી, મ્યુ.કમિશ્નર રાજેશ તન્ના, અધિક કલેક્ટર એલ.બી.બાંભણિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આર.જે.જાડેજા સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**કરૂણા અભિયાન અંતર્ગત વિશિષ્ટ કામગીરી કરનારનું સન્માન**

જૂનાગઢ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાના ૭૩માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કરૂણા અભિયાન અંતર્ગત વિશિષ્ટ કામગીરી કરનાર વ્યક્તિઓ, સંસ્થાઓનું રાજ્ય વાહન વ્યવહાર મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

જૂનાગઢ જિલ્લામાં કરૂણા અભિયાન અંતર્ગત પરિક્ષેત્ર વન અધિકારી ડુંગર દક્ષિણના એ.એ.ભાલિયા, પ્રમુખ જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટના કેતનભાઈ દોશી અને વસુંધરા નેચર કલ્બના પ્રણવભાઈ વઘાસિયા દ્વારા વિશિષ્ટ કામગીરી કરવામાં આવી હોવાથી જિલ્લા કક્ષાના ૭૩માં પ્રજાસત્તાક પર્વ નિમિતે વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન પ્રવાસન અને યાત્રાધામ વિકાસના રાજ્યકક્ષા મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

**કોરોના વોરિયર્સને પ્રિકોશન ડોઝ અપાયો**

પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમ્યાન મંત્રી અરવિંદભાઈ રૈયાણીની ઉપસ્થિતિમાં હેલ્થ વર્કર્સ - કોરોના વોરિયર્સને પ્રિકોશન ડોઝ અપાયો હતો. જેમાં ડો.વાય.બી.હરિહર, અવિનાશ રાઠોડ, ડી.જી.મયુર, વિજય વાઘમશી, હર્ષદ ચુડાસમા, બાનુબેન ચૌહાણ, પલ્લવીબેન વઘેરા, નીતાબેન વેકરિયા, વી.બી.વિરોજાને પ્રિકોશન ડોઝ અપાયો હતો. આ તકે મંત્રીશ્રીએ હેલ્થવર્કસ અને કોરોના વોરિયર્સને પ્રોત્સાહિત કર્યા હતા.

**PM-JAY યોજનામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર તબીબોને સન્માનિત કરાયા**

જૂનાગઢ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના ૭૩માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિતે આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર જૂનાગઢ સિવિલ હોસ્પિટલ અને કેશોદની સાંગાણી હોસ્પિટલના તબીબોને વાહન વ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારત સરકારની આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલ અને કેશોદની સાંગાણી હોસ્પિટલ દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરી લોકોને આરોગ્યની સારવાર આપી છે. PM-JAY યોજનામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો.સુશીલ કુમાર અને કેશોદની સાંગાણી હોસ્પિટલના ડો.અજય સાંગાણીને ૭૩માં પ્રજાસત્તાક પર્વ નિમિતે મંત્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

# જૂનાગઢમાં શહેર ભાજપ કાર્યાલય ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ



જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢમાં ૭૩માં પ્રજાસતાક દિન નિમિતે કોલેજ રોજ ઉપર આવેલ ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય ખાતે મહામંત્રી સંજયભાઈ મણવર તથા શૈલેષભાઈ દવેના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ ધ્વજવંદન કાર્યક્રમમાં જૂનાગઢના ડેપ્યુટી મેયર હિમાંશુભાઈ પંડ્યા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાકેશભાઈ ધૂલેસિયા, પ્રદેશ અગ્રણી નિરૂબેન કાંબલીયા, જ્યોતિબેન વાછાણી, મહાનગર ઉપપ્રમુખ ભરતભાઈ બાલસ, કોર્પોરેટર, પલ્લવીબેન ઠાકર, આરતીબેન જોશી, ગીતાબેન પરમાર, ઈલાબેન બાલસ, મીડિયા વિભાગના સંજયભાઈ પંડ્યા, કાર્યાલય મંત્રી નિરવભાઈ તળાવીયા, કારોબારી સભ્ય કિશોરભાઈ ચોટલીયા, કેતનભાઈ ભટ્ટ, મહિલા મોરચાના પ્રમુખ જ્યોતિબેન વાડોલીયા, મહામંત્રી શીતલબેન તન્ના, ડોક્ટર સેલના કન્વીનર ડો. શૈલેષ બારમેડા, અનુ.જાતિ મોરચાના પ્રમુખ કારાભાઈ રાણવા, મહામંત્રી વિજયભાઈ દાફડા, લઘુમતી મોરચાના પ્રમુખ સબ્બીરભાઈ અમરેલીયા, ભાજપા અગ્રણી શ્રેયાંશભાઈ ઠાકર, વોર્ડ નં. ૧૦ ના મહામંત્રી કેતનભાઈ પોપટ, વોર્ડ નં. ૧૧ના મહામંત્રી અલકેશભાઈ ગુંદાણીયા, યુવા મોરચાના કેવિન અકબરી, આઈટીસેલના વિશાળઆત્રોલીયા તથા બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ ટ્રસ્ટના ૧૧ લાખ વૃક્ષોના વાવેતરના સંકલ્પમાં સહભાગી થતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ

## સોમનાથ ટ્રસ્ટની પહેલને આવકારી, ગૌશાળા ખાતે વૃક્ષારોપણ કર્યું




વેરાવળ, તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગીર સોમનાથ જિલ્લામાં ૭૩માં પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી બાદ પ્રભાસપાટણમાં સોમનાથ ટ્રસ્ટ સંચાલીત ગૌશાળા અને ચંદનવનની મુલાકાત લીધી હતી. રાજય સરકારના પર્યાવરણીય જાગૃતિ અભિયાનમાં સંસ્થાઓની-લોકોની જનભાગીદારી થકી ગુજરાતને હરિયાળુ કરી 'ગ્રીન ગુજરાત'નું સૂત્ર મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શનમાં સાર્થક થઈ રહ્યું છે. સોમનાથ મંદિર ટ્રસ્ટે ગીર સોમનાથ જિલ્લામાં વિશેષ સેવાકીયપ્રવૃત્તિના ભાગરૂપે ૧૧ લાખ વૃક્ષોરોપણનો સંકલ્પ લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોમનાથ ટ્રસ્ટના આ સેવા યજ્ઞને આવકારી પર્યાવરણ જતનની આ પ્રેરણારૂપ પહેલ બદલ સૌને અભિનંદન આપ્યા હતા. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વાવે ગુજરાત અને પર્યાવરણ સુરક્ષામાં ગુજરાતની અગ્રેસરતા આગળ વધારતા એક દાયકા પૂર્વે સોમનાથમાં હરિહર વનનુ નિર્માણ કરાવ્યું હતું. સોમનાથ ટ્રસ્ટના ચેરમેન તરીકે પણ હાલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હોય તેમના માર્ગદર્શન હેઠળ સોમનાથ ટ્રસ્ટ અનેક સેવાકીય કાર્ય હાથ ધરી રહ્યું છે. મુખ્યમંત્રીએ ગૌશાળા ચંદનવન ખાતે વૃક્ષારોપણ કર્યુ હતું. તેઓ દ્વારા બોરસલ્લીની કલમનું સોમનાથ ગૌશાળા ખાતે રોપણ કરવામાં આવ્યું હતું. આ તકે તેમની સાથે રાજયના મુખ્યસચિવ પંકજ કુમાર, પોલીસ મહાનિર્દેશક આશિષ ભાટિયા, સોમનાથ ટ્રસ્ટના કો-ઓર્ડીનેટર સર્વ યશોધરભાઈ ભટ્ટ, ભાવેશભાઈ વેકરિયા, સોમનાથ ટ્રસ્ટના મેનેજર વિજયસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં શ્રી મયારામદાસજી આશ્રમ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ






જૂનાગઢ, તા.૨૮

સત્યમ સેવા યુવક મંડળ, અંધ કન્યા છાત્રાલય તેમજ મયારામદાસજી આશ્રમના આ ત્રિવેણી સંગમ કાર્યક્રમમાં ધ્વજ વંદનની સાથે કોમ્પ્યુટર લોકાર્પણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. જેના દાતા અશ્વિનભાઈ પંચમીયા દ્વારા સહાય કરવામાં આવી હતી. પૂ.માતૃશ્રી સવિતાબેન પ્રાણલાલ પંચમીયાની ૧૦૬મી જન્મ જયંતી નિમિત્તે સ્વ.પ્રાણલાલ મણિલાલ પંચમીયા પરિવારના સહયોગથી અને સત્યમ સેવા યુવક મંડળના માધ્યમથી મયારામ દાસજી આશ્રમના અનાથ તેમજ જરૂરિયાતમંદ બાળકોને અત્યારની હરણફાળ ટેક્નોલોજીનો લાભ આપવા માટે અહીંના બાળકો કોમ્પ્યુટરથી વંચિત ના રહે તે માટે સંસ્થાના ટ્રસ્ટી અને સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા નિરાધાર બાળકોને પણ કોમ્પ્યુટરનો લાભ અપાવવા માટે હર હંમેશ પ્રયત્નશીલ રહ્યા છે. દરમ્યાન પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે ગૃહપતિ કારેલીયા વિનુભાઈ, ત્રિવેદી હસમુખભાઈ, સત્યમ સેવા યુવક મંડળના ટ્રસ્ટી શાંતાબેન બેસ, અંધ કન્યા છાત્રાલયના ટ્રસ્ટી મુકેશગિરી મેઘનાથી, પ્રવીણભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. સત્યમ સેવા યુવકમંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાએ દેશના વીર સપુતોને યાદ કરી સલામી આપી હતી. વધુમાં બી.એડ., એમ.એડમાં કારકિર્દી મેળવેલ અંધ કન્યા છાત્રાલયની પ્રજ્ઞાચક્ષુ દીકરી જાદવ સુમિત્રાબેનને સન્માનપત્ર આપી બહુમાન કરીને ધ્વજ વંદન કરાવેલ હતું તેમજ કોમ્પ્યુટરની રીબીન કાપી બે કોમ્પ્યુટર લોકાર્પણ કરી સંસ્થાને અર્પણ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા મનોજભાઈ સાવલિયા, કનૈયાભાઈ વાજા અને મયારામદાસજી આશ્રમમાં રહેનાર લાભાર્થી વિદ્યાર્થીઓ, પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીનીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ જીલ્લા પુસ્તકાલય ખાતે પ્રજાસત્તાક પર્વ ઉજવાયું




જૂનાગઢ, તા.૨૮

ભારતના ૭૩માં પ્રજાસતાક પર્વની ઉજવણી અંતર્ગત જૂનાગઢ જીલ્લા પુસ્તકાલય ખાતે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાયો હતો. આ તકે ગ્રંથપાલ મહેશ પરમાર, એચ.પી. સુત્રેજા, કે.કે. રાવલ તથા ગ્રંથાલયના સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ કોંગ્રેસ કાર્યાલય ખાતે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ, તા.૨૮

ભારતના ૭૩મા પ્રજાસત્તાક પર્વ પ્રસંગે જૂનાગઢ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ધ્વજ વંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કોંગ્રેસ કાર્યાલય ખાતો શહેર કોંગ્રેસ પ્રમુખ અમિતાભાઈ પટેલના હસ્તે ધ્વજ વંદન કરાયું હતું. આ તકે ધારાસભ્ય ભીખાભાઈ જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત શહેર કોંગ્રેસ સમિતિના જુદા જુદા સેલ તેમજ તમામ પાંખના હોદેદારો, કાર્યકર્તાઓ, મહિલા કોંગ્રેસના કાર્યકર્તાઓ સહીત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# રાષ્ટ્રીય મુદ્દાઓ ઉપર લડાતી રાજ્યોની ચૂંટણીઓ

એ તો સાચું છે કે, વિધાનસભા ચૂંટણીઓમાં રાજ્ય સંબંધિત મુદ્દા, સમસ્યાઓ, ઉમેદવાર, નેતૃત્વવગેરે લોકોના મત નિર્ધારણમાં મુખ્ય કારક હોય છે, પરંતુ રાષ્ટ્રીય મુદ્દા જો પ્રબળ હોય તો તે પણ વ્યાપક સ્તરે લોકોની માનસિકતા પ્રભાવિત કરે છે. કેટલીય વાર સ્થાનિક-પ્રાદેશિક મુદ્દા તેના પ્રભાવમાં હાંશિયામાં ચાલ્યા જાય છે. આ વખતે પણ પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી ફક્ત સ્થાનિક મુદ્દાઓ ઉપર નથી લડાતી. જે લોકો સામાન્ય મુદ્દા એટલે કે બેરોજગારી, કાયદો-વ્યવસ્થા, સામાજિક-સાંપ્રદાયિક સમીકરણ વગેરે સુધી જ પોતાનું વિશ્લેષણ સીમિત રાખે છે, તેમના નિષ્કર્ષોમાં દોષ એ કારણે જ હોય છે કે તેઓ રાષ્ટ્રીય મુદ્દાઓના પ્રભાવનું યોગ્ય આકલન નથી કરી શકતા. ચૂંટણીવાળા તમામ રાજ્યોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક મુખ્ય ચૂંટણી મુદ્દા રૂપે વિદ્યમાન છે. યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી ઉત્તર પ્રદેશના છે, પંરતુ ઉત્તરાખંડ, પંજાબ, મણિપુર અને ત્યાં સુધી કે ગોવામાં પણ તેમના વક્તવ્ય અને કાર્યોની વ્યાપક ચર્ચા થઈ રહી છે. રાષ્ટ્રીય સુરક્ષા અને આતંકવાદ દરેક જગ્યાએ લોકો વચ્ચે ચર્ચાનો વિષય બને છે. ચીન અને પાકિસ્તાન સાથે તણાવ અને તેને અનુરૂપ કેન્દ્ર સરકારની નીતિઓ ઉપર લોકોને વાતો કરતા સાંભળી શકાય છે. પંજાબ સાથે ઉત્તરાખંડ અને મણિપુર પણ સરહદી રાજ્ય છે. અહીં રાષ્ટ્રીય સુરક્ષા અને પડોશી દેશો સાથે સંબંધની અસર મતદાન ઉપર થશે. અનેક એવા મુદ્દા, જે રાષ્ટ્ર અને કેન્દ્ર સરકારની નીતિઓ સાથે સંબંધિત છે, તે રાજ્યોની ચૂંટણીઓમાં પણ પ્રભાવી બને છે. જેમ કે, અનુચ્છેદ ૩૭૦નો ખાત્મો જમ્મુ-કાશ્મીર સાથે જોડાયેલો છે, પરંતુ તેના પડઘા પાંચેય રાજ્યોમાં સંભળાય છે. અનેક લોકો એમ કહેતા મળી જશે કે, અમે તો વિચાર્યુ પણ ન હતું કે ક્યારેય અનુચ્છેદ ૩૭૦ હટી શકશે, એટલે જેણે હટાવી, તેને જ મારો વોટ મળશે. એ જ રીતે ૩૭૦ને ભ્રમથી મુસલમાનોની અસ્મિતા સાથે જોડીને જોનારા પણ છે. એ આધારે તેઓ ભાજપનો વિરોધ કરી રહ્યા છે. પંજાબમાં તો ૩૭૦ની ચર્ચા થાય જ છે, કારણ કે તે જમ્મુ-કાશ્મીરનું પડોશી રાજ્ય છે. ત્યાં રાજ્ય માટે વિશેષ અધિકાર માંગનારા લોકો પણ છે, પરંતુ તે બધા એમ પણ કહી રહ્યા છે કે, જે ભાજપ કાશ્મીરનો વિશેષાધિકાર ખતમ કરી શકે છે, તે અમને શું આપશે ? એ જ પ્રકારના વિચાર તમને ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં સાંભળવા મળશે. દેખીતું છે કે, ૩૭૦નો મુદ્દો પણ અમુક અંશે મતદાનને પ્રભાવિત કરશે. એ જ રીતે કાશી વિશ્વનાથ ધામનું પૂર્નઃનિર્માણ બધી જગ્યાએ લોકોના મનમાં છે. બેશક ઉત્તર પ્રદેશમાં વ્યાપક સ્તરે તેની ચર્ચા છે. ઉત્તરાખંડ એ પંજાબમાં, ત્યાં સુધી કે ગોવા અને મણિપુરમાં પણ તમને એવું કહેનારા મળી જશે કે બીજી સરકાર હોત તો કાશીનો આવો કાયાકલ્પ ન થાય. શ્રીરામ મંદિર નિર્માણ સાથે અયોધ્યાને નવું ક્લેવર આપવા તથા સરયૂ ઘાટ ઉપર દીવાળીના દ્રશ્યોએ આખા દેશને પ્રભાવિત કર્યો છે. કોઈ એમ માની લે કે તેની અસર ફક્ત ઉત્તર પ્રદેશસુધી સીમિત છે તો ભૂલ હશે. મથુરાનો મુદ્દો પહેલાં કેશવ પ્રસાદ મૌર્ય અને બાદમાં યોગી આદિત્યનાથે ઉઠાવ્યો. નિશ્ચિત રૂપે તેમનું ફોકસ ઉત્તર પ્રદેશ ચૂંટણી હશે, પરંતુ તેના પડઘા આખા દેશમાં પડ્યા. ગોહત્યા, ધર્માંતરણ અને ત્રણ તલાક વિરૂધ્ધ કાયદાનું નિર્માણ હોય કે લવ જેહાદનો નારો, ગૌ હત્યા, બુચર ખાના, ઉત્તર પ્રદેશ સરકારની જનસંખ્યા નિયંત્રણ સંબંધી પહેલ કે પછી રાષ્ટ્ર વિરોધી હરકતોના આરોપમાં અનેક એનજીઓને તાળા વાગી જવા, આ તમામ રાજ્યોમાં ચૂંટણી મુદ્દા છે. સામાન્યપણે ચૂંટણીમાં કયા મુદ્દા પ્રબળ હશે અને કયા હાંશિયામાં રહેશે, તે રાજકીય પક્ષો ઉપર નિર્ભર કરે છે. પોતાના ચૂંટણી અભિયાનોમાં રાજકીય પક્ષો જે મુદ્દાને ઉઠાવે છે, ઘણી હદે સામૂહિક મનોવિજ્ઞાન એનાથી જ નિર્મિત થાય છે. તે ભારતની દ્રષ્ટિએ સકારાત્મક પાસું છે. સામાન્ય લોકો પણ રાષ્ટ્રની સુરક્ષા, સંસ્કૃતિ-સભ્યતા સહિત રાષ્ટ્રીય મુદ્દા સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા દેખા છે. એમ પણ દરેક ક્ષેત્ર અને રાજ્ય અંતે દેશનું જ અંગ છે. રાષ્ટ્રીય નીતિઓ લોકોને અંદર સુધી પ્રભાવિત કરે છે. વાસ્તવમાં રાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દા વચ્ચે બિલકુલ સાફ-સાફ વિભાજન રેખા ખેંચવી મુશ્કેલ છે. મોટાભાગના મુદ્દા એક-બીજા સાથે જોડાયેલા હોય છે. કિસાન સન્માન નિધિ કેન્દ્ર સરકારનો નિર્ણય છે, પરંતુ જાય છે તો ખેડૂતોના ખાતામાં જ ! જો લવજેહાદ કેરળથી કાશ્મીર સુધી સામે આવી છે તો તેના વિરૂધ્ધ કાયદો ભલે કોઈ રાજ્યમાં બને, તે બીજા રાજ્યમાં મુદ્દો બનશે જ. વડાપ્રધાનની સુરક્ષામાં ચૂક ભલે પંજાબમાં થઈ, પરંતુ દરેક રાજ્યમાં કોઈને કોઈ રૂપે તેના પડઘા પડશે. એ વાત અલગ છે કે, મોટાભાગના વિપક્ષી નેતા તેને એ રૂપે નથી લઈ રહ્યા, જે રૂપે ભાજપ. છતાં એ મુદ્દો તો બની જ રહ્યો છે. અયોધ્યા, કાશી અને મથુરા ઉત્તર પ્રદેશમાં હોવાની સાથે ભારત સહિત વિશ્વભરના હિંદુઓ માટે આસ્થાનાં કેન્દ્ર છે. એ સંભવ નથી કે પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં રહેનારા લોકો તેનાથી પોતાને અલગ કરી લે તે કદાચ નવાઈ નો લાગે શું ઉત્તરપ્રદેશ જનસંખ્યા અસંતુલન શું ફક્ત એક રાજ્યનો મુદ્દો હોઈ શકે? બિલકુલ નહીં. કુલ મળીને કહેવાનો મતલબ એ છે કે, રાજકીય પક્ષો સામે બિલકુલ ખુલ્લું મેદાન છે. બેશક લોકોની દૈનિક આવશ્યકતાઓ, સ્થાનિક સ્તરે તેમની સુરક્ષા, સન્માન વગેરે વિષય મહત્ત્વપૂર્ણ છે, પરંતુ રાષ્ટ્રનો ભાવ સર્વોપરી છે. લોકોની ભાવનાઓને સમજીને તેને અભિવ્યક્તિ આપીને ચૂંટણીઓને સ્પષ્ટ રાષ્ટ્રીય વિચારધારાનું પ્રતિરૂપ બનાવી શકાય છે. કોરોના, મોંઘવારી, નોટબંધી, પેટ્રોલ-ડીઝલ ભાવ વધારો જેવા મુદ્દા ઉપર આ ચૂંટણી લડાતી નથી તે ચૂંટણી પરીણામો આવશે ત્યારે જ બહાર આવશે.

### પાડોશી દેશને ભારતની મદદ છતાં આર્થિક સ્થિતિ કફોડી

# શ્રીલંકાએ ૩.૬ ટન સોનુ વેંચ્યું, માત્ર ૩-૪ ટન જ સોનુ બચ્યું

## ૨૦૨૦માં શ્રીલંકાએ પોતાનું ૧૨.૩ ટન સોનુ વેંચ્યું હતું તે વખતે શ્રીલંકા પાસે ૧૯ ટન જેટલો સોનાનો ભંડાર હતો



કોલંબો, તા.૨૮ દેવાળું ફૂંકવાના આરે આવીને ઉભેલા ભારતના પાડોશી દેશને હવે પોતાનું સોનુ વેચવાની નોબત આવી છે. શ્રીલંકાની રિઝર્વ બેંકનું કહેવું છે કે ડિસેમ્બર ૨૦૨૦માં અમે અમારા સોનાના ભંડારનો કેટલોક હિસ્સો લિકિવડિટી વધારવા માટે વેચ્યો છે. દરમ્યાન એક મીડિયા રિપોર્ટ પ્રમાણે શ્રીલંકાની રિઝર્વ બેંકે પોતાના ૬.૬૯ ટન સોનાના ભંડારમાંથી ૩.૬ ટન સોનુ વેચ્યું હતું. હવે તેની પાસે ૩ થી ૪ ટન જ સોનુ બચ્યું છે. આ હિસ્સો ૨૦૨૧ની શરૂઆતમાં વેંચવામાં આવ્યો હતો. જયારે ૨૦૨૦માંર શ્રીલંકાએ પોતાનું ૧૨.૩ ટન સોનુ વેચ્યુ હતું. તે વખતે શ્રીલંકા પાસે ૧૯ ટન જેટલો સોનાનો ભંડાર હતો. બેંકનું કહેવું છે કે વિદેશી હુંડિયામણ વધારવા માટે સોનુ વેંચવામાં આવ્યુ હતુ. જયારે વિદેશી હુંડિયામણ અમારી પાસે વધી રહ્યું હતું ત્યારે અમે સોનુ ખરીદયું હતું. હવે જયારે દેશનું વિદેશી ભંડોળ પાંચ અબજ અમેરિકન ડોલરના સ્તર સુધી કે દેશ પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. આજે શ્રીલંકાની સ્થિતિ ૧૯૯૧ના ભારત જેવી જ છે. ઉલ્લેખનીય છે કે ૧૯૯૧ના ઉદારીકરણ પહેલા ભારતની ઈકોનોમીની હાલત એટલી ખરાબ હતી કે બે વખત સોનુ ગીરવે મુકવું પડયું હતું. પહેલી વખત ૨૦ ટન અને બીજી વખત ૪૭ ટન સોનુ ગીરવે મુકવામાં આવ્યું હતું. સરકારે કોઈને આ બાબતની જાણ નહોતી કરી પણ એક અંગ્રેજી અખબારે અહેવાલ પ્રસિધ્ધ કરીને સનસનાટી મચાવી હતી. દરમ્યાન શ્રીલંકાના જાણીતા ઈકોનોમિકસટ ડો. વિજય વર્ધનેનું કહેવું છે કે ભારતે પણ આ જ રીતે ૧૯૯૧માં દેવાળિયા ના થવાય તે માટે સોનુ વેંચ્યુ હતું. સોનાનો ભંડાર કોઈ પણ દેશ અંતિમ ઉપાય તરીકે વેચવા માટે કાઢતો હોય છે. ભારતે પહેલા તો પોતાનું સોનુ વેંચવાની વાત છુપાવી હતી પણ જયારે વાત બહાર આવી ત્યારે તત્કાલિન નાણાં મંત્રી મનમોહનસિંહે લોકસભામાં સ્વીકારી લીધુ હતું.

# ઉ.પ્ર.માં ભાજપના વર્તમાન ધારાસભ્યો લોકોમાં અપ્રિય છે

## મુંબઈથી ખાસ મોકલેલ સત્યશોધક ટીમના તારણો

મુંબઈ તા.૨૮ અન્ય રાજયોના સેંકડો ભાજપ અને આરએસએસના કાર્યકરો ઉ.પ્ર.માં ફરી વળ્યાં છે એવું મુંબઈથી સંજય પાંડેએ જણાવ્યું છે. તેઓ શહેરના ૧૨૫ સભ્યોના ગ્રુપનું નેતૃત્વ કરે છે કે જેઓ વર્ષોથી મુંબઈમાં રહે છે પરંતુ તેઓ મૂળ ૯ જિલ્લાના ૫૪ મત ક્ષેત્રોમાંથી આવે છે. યુપી જવા રવાના થતાં પહેલા અમોએ તાલીમ શિબિરોમાં હાજરી આપી હતી, જેમાં મહારાષ્ટ્રના પૂર્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીસ પણ અમારી સાથે હતાં એવું સંજય પાંડે જણાવે છે. આ ગ્રુપના એક સભ્ય સુલતાનપુરના સંતોષ ઠાકુર છે કે જ્યાં પાંચમાંથી ૪ વિધાનસભા બેઠકો ભાજપ પાસે છે. સંતોષ ઠાકુરે એક વાત કબુલી છે કે પક્ષના કાર્યકરો કે લોકો ઉ.પ્ર.માં ભાજપના વર્તમાન ધારાસભ્યોથી ખુશ નાથી. કેટલાક મતદારોમાં ભારે રોષ પ્રવર્તે છે જયારે અન્ય કેટલાક લોકો મોદી અને યોગીની પ્રશંસા કરે છે અને જણાવે છે કે મોદી અને યોગીએ મુસ્લિમોને તેમનું સ્થાન બતાવી દીધું છે. મૂળ અયોધ્યાના એવા અર્જુન ગુપ્તાની ટીમ તરફથી મળેલ ફીડ બેક પણ આવા જ છે. ભાજપના વર્તમાન ધારાસભ્યો લોકોમાં લોકપ્રિય નાથી પરંતુ લોકોને મોદી અને યોગી માટે ખૂબ જ સમર્થન છે. આ ગ્રુપનું માનવું છે કે સુશિક્ષિત અનો સાધનસંપન્ન મુસ્લિમો પણ ભાજપ તરફ ઝૂકાવ ધરાવે છે ત્યારે ગરીબો અનો ઓછા શિક્ષિત એવા મુસ્લિમો ઓવૈસીનો સમર્થન આપે છે. ઉન્નાઉનો પ્રવાસ કરનાર ટીમે કપિલરાજ વર્મા અને ડો.રમાશંકર ભારતીનો જણાવ્યું હતું કે તેમણે મકરસંક્રાંતિના રોજ પિકનીકનું આયોજન કર્યુ હતું કે જયારે દલિતોએ ખીચડી રાંધી હતી અને સૌએ ભોજન લીધું હતું. તેમણે એવો દાવો કર્યો છે કે સમાજના મોટા વર્ગનો કલ્યાણકારી યોજનામાંથી ફાયદો થયો છે તેથી ભાજપની તકો વધુ બહેતર છે. પ્રત્યેક વિધાનસભા મતક્ષેત્રમાં પ્રથમવારના મતદારોમાં વધારો થયો છે. તમામ ટીમ એક વાત કબુલે છે કે ભટકતાં પશુઓના મુદ્દાથી કિસાનો રોષે ભરાયાં છે. જો કે ગ્રામીણોનો પશુઓના ઘાસચારા માટે પ્રતિ માસ રૂા.૯૦૦ મળે છે.

# IAS કેડર રૂલમાં સૂચિત સુધારા અંગે રાજ્ય સરકારો વિવિધ વિકલ્પો અને પાસાઓ ચકાસી રહી છે




નવી દિલ્હી તા.૨૮ : કેન્દ્ર સરકાર સેન્ટ્રલ ડેપ્યુટેશન દ્વારા આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની બદલી કરવાની વિશાળ સત્તાઓ પોતાના હસ્તક લઈ લેવા પેતરો રચી રહી છે અને આ રીતે રાજ્ય સરકારની મંજૂરી લેવાની જરૂરિયાત છે તેને રદ કરવા માગે છે. મહેકમ અને તાલીમ વિભાગે (ડીઓપીટી) રાજ્યોને ૧૨, જાન્યુ.ના રોજ લખ્યું હતું કે કેન્દ્ર સરકાર ઈન્ડિયન એડમેનીસ્ટ્રેટીવ સર્વિસ્ર્વ (કેડર) રૂલ્સ ૧૯૫૪ના રૂલ નં.૬માં (કેડર અધિકારીઓના ડેપ્યુટેશન અંગેના) સુધારો કરવા માગે છે. કેન્દ્રની આ હિલચાલ રાજ્ય સાથે ઘર્ષણ ઊભું કરે તેવી છે. ખાસ કરીને વિપક્ષો દ્વારા શાસિત રાજ્યો સાથે સંઘર્ષ ઊભો થઈ શકે છે. ધહિંદુને જાણવા મળ્યું છે કે કમસેકમ છ રાજ્ય સરકારોએ આવી કોઈ પણ હિલચાલનો વિરોધ કરવા અંગે ડીઓપીટીને જાણ કરી છે. કેન્દ્રીય મંત્રાલયોમાં આવેલ ઈન્ડિયા સર્વિસ્ર્વ ઓફિસરોની તંગીના સંદર્ભમાં આ પત્ર લખવામાં આવ્યો છે. ડીઓપીટીએ રાજ્યોને પોતાના પત્રમાં લખ્યુંછે કે રાજ્યો કેન્દ્રીય ડેપ્યુટેશન માટે પર્યાપ્ત સંખ્યામાં અધિકારીઓને મોકલતી નથી અને કેન્દ્રની જરૂરિયાતને પહોંચી વળવા માટે અધિકારીઓની સંખ્યા પર્યાપ્ત નથી. આ સંદર્ભમાં પ.બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખ્યું છે કે સૂચિત સુધારો સહકારી સંઘવાદની ભાવનાની વિરૂધ્ધ છે અને આ સુધારો એકપક્ષીય રીતે રાજ્ય સરકારને એવો આદેશ કરે છે કે સેન્ટ્રલ ડેપ્યુટેશન રિઝર્વ હેઠળ નિયત ડેપ્યુટેશન માટે જરૂરી સંખ્યામાં અધિકારીઓને નિયુક્ત કરે. ગઈર સાલ ડીઓપીટીએ વડાપ્રધાન મોદી સાથે સાયક્લોન યસની સમીક્ષા બેઠકમાં મુખ્યપ્રધાન મમતા બેનરજીએ હાજરી નહીં આપ્યા બાદ પ.બંગાળના મુખ્ય સચિવ અલાપન બંદોપાધ્યાયને બોલાવ્યાં હતાં. ૧૯૮૭ની બેચના આ આઈએએસ અધિકારી ક્યારેય કેન્દ્રીય ડેપ્યુટેશન ઉપર ન હતાં અને ૩૧, મેના રોજ નિવૃત્ત થવાના હતા અને હવે તેઓ કેન્દ્ર વિરૂધ્ધ કેસ લડી રહ્યાં છે. કેરળના કાયદા પ્રધાન પી રાજીવે જણાવ્યું છે કે કેરળ સરકાર કેન્દ્રના આ પ્રસ્તાવ સામે વિરોધ કરશે. કારણ કે તે સંઘવાદના સિદ્ધાંત ઉપર તરાપ સમાન છે. જો કે રાજીવે જણાવ્યું હતું કે લેફ્ટ ડેમોક્રેટીક ફ્રંટ ગવર્નમેન્ટ હજુ આ મુદ્દે વિવિધ પાસાઓ અને લેખાજોખા ચકાસી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રૂલ ૬માં ચાર સુધારા સૂચિત કરવામાં આવ્યાં છે. તેમાં મુખ્ય સુધારો એ છે કે જો રાજ્ય સરકાર સ્ટેટ કેડર અધિકારીનું કેન્દ્રમાં પોસ્ટીંગમાં વિલંબ કરશે તો સંબંધીત અધિકારી કેન્દ્ર સરકાર દ્વારા નિયત તારીખ સુધીમાં આપોઆપ ફરજમુક્ત ગણાશે. અત્યારે અધિકારીઓએ સેન્ટ્રલ ડેપ્યુટેશન માટે રાજ્ય સરકારનું એનઓસી મેળવવું પડે છે.

# સનદી અધિકારીઓની પ્રતિનિયુક્તિ ઉપર કેન્દ્રના પ્રસ્તાવિત ફેરફારો અંગે રાજ્યોએ શા માટે પ્રશ્નો ઉઠાવ્યા છે ?

૧૨ જાન્યુઆરીના પત્રમાં **Dopt** એ જણાવ્યું હતું કે હાલની જોગવાઈઓ હોવા છતાં, રાજ્યો કેન્દ્રીય પ્રતિનિયુક્તિ માટે પૂરતી સંખ્યામાં અધિકારીઓને સ્પોન્સર કરી રહ્યાં નથી અને ઉપલબ્ધ અધિકારીઓ જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતા નથી. અત્યાર સુધીની વાર્તા : ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ (**Dopt**) એ ભારતીય વહીવટી સેવા (કેડર) નિયમો ૧૯૫૪ના નિયમ ૬ (કેડર અધિકારીઓની પ્રતિનિયુક્તિ)માં સુધારો કરવાના પ્રસ્તાવ ઉપર તેમના અભિપ્રાય માટે ૧૨ જાન્યુઆરીએ તમામ રાજ્યોને સંદેશાવ્યવહાર મોકલ્યો હતો. અન્ય બે અખિલ ભારતીય સેવાઓ (**AIS**) : ભારતીય પોલીસ સેવા અને ભારતીય વન સેવા (**IFoS**)ના કેડર નિયમોમાં ફેરફારની દરખાસ્ત કરતા સમાન પત્રો પણ મોકલવામાં આવ્યા હતા. સુધારાઓ દ્વારા, કેન્દ્ર સરકાર રાજ્ય સરકારની મંજૂરી લીધા વિના **IAS/IPS** અને **IFoS** અધિકારીઓને કેન્દ્ર સરકાર અને મંત્રાલયોમાં નિયુક્ત કરવાની સત્તાઓ હસ્તગત કરવાની યોજના ધરાવે છે. અખિલ ભારતીય સેવા અધિનિયમ, ૧૯૫૧ અસ્તિત્વમાં આવ્યા પછી **IAS** કેડરના નિયમો ૧૯૫૪માં બનાવવામાં આવ્યા હતા.

**કયા ફેરફારો પ્રસ્તાવિત છે ?**

બે નવા નિવેશ સહિત ચાર સુધારા પ્રસ્તાવિત છે. સૌપ્રથમ, રાજ્યોએ આવા અધિકારીઓના નામ ઉપલબ્ધ કરાવવા જોઈએ, જે સેન્ટ્રલ ડેપ્યુટેશન રિઝર્વ (સીડીઆર)નો ભાગ છે, જેમને કેન્દ્રમાં નિયુક્ત કરી શકાય છે. સૂચિત સુધારો કહે છે,''કેન્દ્ર સરકારમાં નિયુક્ત કરવામાં આવનાર અધિકારીઓની વાસ્તવિક સંખ્યા કેન્દ્ર સરકાર દ્વારા સંબંધિત રાજ્ય સરકાર સાથે પરામર્શ કરીને નક્કી કરવામાં આવશે.'' સીડીઆર કોઈપણ સમયે વાસ્તવિક શકિતના ૪૦% કરતા વધુ ન હોઈ શકે. હાલના ધોરણો અનુસાર, રાજ્યોએ **IAS** અધિકારીઓને કેન્દ્ર સરકારની કચેરીઓમાં નિયુક્ત કરવા પડશે અને કોઈપણ સમયે તે કુલ કેડર સંખ્યાના ૪૦%થી વધુ ન હોઈ શકે. બીજો ફેરફાર એ છે કે કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના કોઈપણ મતભેદના કિસ્સામાં, આ બાબતનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે અને રાજ્ય ''નિર્ધારિત સમયની અંદર'' કેન્દ્રના નિર્ણયનો અમલ કરશે. ''નિર્દિષ્ટ સમય'' કલમમાં એક નવું નિવેશ છે. પ્રસ્તાવિત ત્રીજો અને એક મોટો ફેરફાર એ છે કે જો રાજ્ય સરકાર રાજ્ય કેડરના અધિકારીને કેન્દ્રમાં પોસ્ટ કરવામાં વિલંબ કરે છે અને કેન્દ્ર સરકારના નિર્ણયને નિર્ધારિત સમયની અંદર અમલમાં મૂકતી નથી, તો ''અધિકારી તે તારીખથી કેડરમાંથી મુક્ત થઈ જશે જે કેન્દ્ર સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે.'' હાલમાં, અધિકારીઓને રાજ્ય સરકાર પાસેથી નો-ઓબ્જેક્શન ક્લિયરન્સ મેળવવું પડે છે. ચોથો ફેરફાર એ છે કે કેન્દ્ર સરકાર દ્વારા ''જાહેર હિત''માં કેડર અધિકારીઓની સેવાઓની આવશ્યકતા હોય તેવી ચોક્કસ પરિસ્થિતિમાં રાજ્ય તેના નિર્ણયોને ચોક્કસ સમયની અંદર અમલમાં લાવશે.

**ફેરફારનું કારણ શું ?**

તેના ૧૨ જાન્યુઆરીના પત્રમાં, **Dopt** એ જણાવ્યું હતું કે હાલની જોગવાઈઓ હોવા છતાં, રાજ્યો કેન્દ્રીય પ્રતિનિયુકિત માટે પૂરતી સંખ્યામાં અધિકારીઓને સ્પોન્સર કરી રહ્યાં નથી અને ઉપલબ્ધ અધિકારીઓ જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતા નથી. આ પત્ર અગાઉ ૨૦ ડિસેમ્બર, ૨૭ ડિસેમ્બર અને ૬ જાન્યુઆરીએ મોકલવામાં આવેલા સમાન સંદેશાવ્યવહાર દ્વારા મોકલવામાં આવ્યો હતો જ્યાં **Dopt** એ રાજ્યો પાસેથી ટિપ્પણીઓ માંગી હતી. અડધો ડઝન રાજ્યોએ આ પગલાનો વિરોધ કર્યો અને બાકીના રાજ્યોએ પ્રતિસાદ આપ્યો નહીં; તેણે દરખાસ્તમાં સુધારો કર્યો અને રાજ્યોને જવાબ આપવા માટે ૨૫ જાન્યુઆરી સુધીનો સમય આપવામાં આવ્યો છે. ૨૦૨૧ અને ૨૦૨૦માં, **Dopt** એ રાજ્યોને ચેતવણી આપતા પત્રો મોકલ્યા હતા કે પૂરતા અધિકારીઓને ન મોકલવાથી ભાવિ કેડર સમીક્ષા દરખાસ્તોને અસર થઈ શકે છે અને તે વિવિધ કેન્દ્રીય મંત્રાલયોમાં ડિરેક્ટર અને સંયુક્ત સચિવ સ્તરે ખાલી જગ્યાઓ ભરવામાં અસમર્થ છે.

**શું સમસ્યા તીવ્ર છે ?**

૨૦૨૧ના ડેટા અનુસાર, દેશમાં કુલ ૬,૭૦૯ **IAS** અધિકારીઓમાંથી ૪૪૫ યુનિયનમાં પોસ્ટેડ હતા. માત્ર ૬.૬%. ૨૦૧૪માં, ૪,૬૦૫ અધિકારીઓમાંથી, ૬૫૧ યુનિયન (૧૪%) સાથે પોસ્ટ કરવામાં આવ્યા હતા. ૨૦૨૧માં, માત્ર ૧૦% મધ્ય-સ્તરના **IAS** અધિકારીઓ (ડેપ્યુટી સેક્રેટરી/ડિરેક્ટર, ૯-૧૪ વર્ષનો અનુભવ) ૨૦૨૧માં કેન્દ્રમાં પોસ્ટ કરવામાં આવ્યા હતા, જે ૨૦૧૪માં ૧૯%થી તીવ્ર ઘટાડો થયો હતો, તેમ છતાં આવા અધિકારીઓનો કુલ સમૂહ રેન્ક ૨૦૧૪માં ૬૨૧થી ૨૦૨૧માં ૧૧૩૦ થયો, લગભગ ૮૦%નો વધારો.

**રાજ્યો ફેરફારોનો વિરોધ કેમ કરે છે ?**

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બે પત્ર લખીને કહ્યું છે કે તે ''સહકારી સંઘવાદની ભાવના'' વિરુદ્ધ છે. છત્તીસગઢ અને રાજસ્થાનના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ અને અશોક ગેહલોતે પણ શ્રી મોદીને પત્ર લખ્યો છે. કોઈપણ **AIS** અધિકારીને સેન્ટ્રલ ડેપ્યુટેશન માટે બોલાવવામાં આવે તે પહેલા તેમની સંમતિ જરૂરી છે. ડીઓપીટીમાં એસ્ટાબ્લિશમેન્ટ ઓફિસર રાજ્ય સરકારો પાસેથી નામાંકન આમંત્રિત કરે છે. એકવાર નોમિનેશન પ્રાપ્ત થઈ જાય, પછી પેનલ દ્વારા તેમની પાત્રતાની તપાસ કરવામાં આવે છે અને પછી ઓફર સૂચિ તૈયાર કરવામાં આવે છે, જે સામાન્ય રીતે બોર્ડમાં રાજ્ય સરકાર સાથે કરવામાં આવે છે. કેન્દ્રીય મંત્રાલયો અને કચેરીઓ પછી ઓફર ઉપરના અધિકારીઓની સૂચિમાંથી પસંદ કરી શકે છે. **AIS** અધિકારીઓની યુનિયન દ્વારા ભરતી કરવામાં આવે છે અને તેઓ રાજ્યોને આપવામાં આવે છે. ઘણા રાજ્ય સરકારના અધિકારીઓ કેન્દ્રમાં જવા ઈચ્છુક ન હોવાના અહેવાલો વચ્ચે ડીઓપીટીની વેબસાઈટ ઉપર ઓફર લિસ્ટનું પ્રકાશન સરકાર દ્વારા ૨૦૧૮માં બંધ કરવામાં આવ્યું હતું.

(સૌ.: ધ હિન્દુ.કોમ)

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અધિક ધનિષ્ઠા એ ધૃણાની જન્મદાત્રી છે.

- અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.શહેરેવર-૧૩૯૧, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, પોષ વદ-૧૧ ષટતિલા એકાદશી, લાલા લજપતરાય જયંતિ તા.૨૮ જાન્યુઆરી ૨૦૨૨, શુક્રવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૨૪, જયેષ્ઠા નક્ષત્ર, ધ્રુવ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૩૫, સૂ.અ.૬:૩૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) પરોઢે ૫:૦૮ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
વૃષભ : જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
મિથુન : પડવા-વાગવાથી સંભાળવું. ગુપ્ત ચિંતા રહે.
કર્ક : પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઈ-બહેનનો સહકાર મળે.
સિંહ : લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.
કન્યા : પ્રિયજનથી મુલાકાત સફળ રહે. રચનાત્મક કાર્યમાં મન પરોવાય.
તુલા : યશ, માન, કીર્તિમાં વધારો થાય. જોઈને છેતરાવવાનો પ્રસંગ બને.
વૃશ્ચિક : જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્નેહિજનોથી વિશેષ સ્નેહ રહે.
ધન : ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
મકર : નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.
કુંભ : સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મનમાં આનંદનો અનુભવ થાય.
મીન : કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.

# અદાણી નંબર-૧

## અદાણીની સંપત્તિ ૯૦ અબજ ડોલર, અંબાણી પાસે ૮૯.૮ અબજ ડોલર : શેરબજારમાં આવેલી મંદીને પગલે રિલાયન્સના શેરમાં કડાકાની અસર થઈ



ગૌતમ અદાણી ભારતના સૌથી ધનવાન વ્યક્તિ બની ગયા છે. ફોર્બ્સના રિયલ ટાઈમ નેટવર્થ ડેટા મુજબ, ગૌતમ અદાણીની વેલ્થ ૯૦ અબજ ડોલર (રૂ. ૬.૭૨ લાખ કરોડ) છે, જ્યારે મુકેશ અંબાણીની સંપતિ ૮૯.૮ અબજ ડોલર (રૂ. ૬.૭૧ લાખ કરોડ) છે.

બોમ્બે સ્ટોક એક્સચેન્જના આંકડા પ્રમાણે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં બે દિવસ દરમિયાન રૂ. ૧૫૫થી વધુનું ધોવાણ થયું છે.

ફોર્બ્સના રિયલ ટાઈમ ડેટા પ્રમાણે, નવા વર્ષમાં ગૌતમ અદાણીની સંપત્તિમાં દૈનિક રૂ. ૬૦૦૦ કરોડથી પણ વધારેનો ઉમેરો થયો છે

# પાકિસ્તાન જેલમાં ત્રણેક વર્ષની યાતના વેઠી મુકત થયેલ ૨૦ માછીમારો માદરે વતન વેરાવળ પહોંચી પરીવારજનોને મળતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા

## ગઈકાલે ગીર સોમનાથ જીલ્લાના ૧૫ અને ઉતરપ્રદેશના પાંચ માછીમારો મુકત થયા : હજુ પણ ૫૬૦ માછીમારો બંદીવાન




(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા. ૨૮

પાકિસ્તાન જેલમાંથી મુકત થયેલ ૨૦ માછીમારો ગઈકાલે માદરે વતન વેરાવળ પહોંચ્યા હતા. અહીં ફિશરીઝ વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી કર્યા બાદ મુકત માછીમારોનો તેમના પરીવારજનોને કબજો સોંપેલ તે વેળાએ વર્ષો બાદ પરીવાર સાથે મિલન થતાં હરખના આસુ વહેતા થવાની સાથે લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા. આ તકે મુકત માછીમારોએ પાકિસ્તાન જેલમાં એક મહિના પૂર્વે મોતને ભેટેલ ભારતીય માછીમારનો મૃતદેહ વહેલીતકે અત્રે રહેતા તેમના પરીવારજનોને મળે તે માટે ત્વરીત કાર્યવાહી કરવા સરકાર સમક્ષ માંગણી કરી હતી. જયારે મુકત થયેલામાં ઉતરપ્રદેશના પાંચ માછીમારો હતા તેમણે ગુજરાત સરકારની માફક યોગી સરકાર પણ બંદીવાન માછીમારોને સહાય આપે તેવી લાગણી વ્યકત કરી હતી.

ભારતીય જળસીમામાંથી છાશવારે નાપાક પાકિસ્તાન મરીન સીકયુરીટી દ્વારા ભારતીય માછીમારોને બંધક બનાવી ત્યાંની જેલોમાં ધકેલી દેવામાં આવે છે. બંને સરકારો વચ્ચે વાટાઘાટો બાદ સમયાંતરે બંદીવાન માછીમારોને મુકત પણ કરવાની પ્રક્રીયા હાથ ધરાઈ છે. આવી જ રીતે થોડા સમય પૂર્વે પાકિસ્તાન સરકારે ૨૦ જેટલા ભારતીય માછીમારોને મુકત કરવાનો નિર્ણય કર્યો હતો. જેના લીધે વેરાવળ ફિશરીઝ વિભાગની ટીમ મુકત થનાર ૨૦ માછીમારોને કબ્જો લેવા વાઘા બોર્ડર પહોંચી હતી. ત્યાં અમૃતસરથી ટ્રેન માર્ગે બરોડા સુધી અને બાદમાં બસ મારફત ગઈકાલે સવારે માદરે વતન વેરાવળ લઈ આવવામાં આવેલ હતા. અહીં ફીશરીઝ કચેરીએ જરૂરી કાર્યવાહી કર્યા બાદ મુકત ૨૦ માછીમારોને તેમના પરીવારજનોને સુપ્રત કરવામાં આવેલ હતા. આ સમયે વર્ષો સુધી જેલમાં યાતના વેઠી પરત આવેલા માછીમારોનું તેમના પરીવારજનો સાથે મિલન થતા અસરૂનો દરીયો વહેતો થવાની સાથે લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા.

### ગુજરાત સરકારની માફક યોગી સરકાર બંદીવાન માછીમારોને મદદ કરે

પાકિસ્તાનની દાંડી જેલમાં ત્રણેક વર્ષ સુધી યાતના વેઠી મુક્ત થયેલા ગીર સોમનાથ જીલ્લાના માછીમાર ધીરૂભાઈ સોલંકીએ આપવીતી વર્ણવતા જણાવેલ કે, પાકિસ્તાનની જેલમાં આરોગ્યની પુરતી સુવિધા મળતી નથી અને કોઈપણ દર્દ હોય તો એક જ દવા આપી પીડા આપવામાં આવે છે. જયારે મુકત થયેલા માછીમારો પૈકી ઉતરપ્રદેશના પાંચ માછીમારો પણ હતા. જે પૈકીના યુપીના માછીમાર સુનિલ પ્યારેલાલે મિડીયા સમક્ષ વેદના ઠાલવતા જણાવેલ કે, અમો ચાર ચાર વર્ષથી જેલ બંદીવાન હોવાથી અમારા પરીવારો કફોડી સ્થિતિમાં મુકાયેલ છે. કારણ કે, જેમ ગુજરાત સરકાર પાકિસ્તાન જેલમાં બંદીવાન તેમના માછીમારોના પરીવારજનોને સહાય ચુકવી મદદરૂપ બને છે તેવી રીતે ઉતરપ્રદેશની યોગી સરકાર પણ અમારી વહારે આવી મદદ કરે તેવી લાગણી વ્યકત કરી હતી. આ સાથે સાથે વતન ઉતરપ્રદેશમાં જ રોજગારીના અવસરો મળતા થાય તો માછીમારીની મજૂરી માટે ગુજરાત આવવું ન પડે જેથી તે બાબતે કંઈ કરવા વિનંતી કરી હતી.

### માછીમારો મુકત થયા

મુકત થયેલ બંદીવાન ભારતીય ૨૦ પૈકી ઉત્તરપ્રદેશના પાંચ અને ગીર સોમનાથ જીલ્લાના ૧૫ માછીમારો હતા. જેમાં ગીર સોમનાથના ચીખલી ગામના ૪, બોડીદરના ૩, કાજના ૨, ઘાંટવડના ૧, છારાના ૧, કડોદરાના ૧, દામલીના ૧, સંજવાપુરના ૧, વાવડી (સુત્રાપાડા)ના ૧ માછીમાર છે. હજુ પણ ૫૬૦ માછીમારો પાકિસ્તાન જેકમાં બંદીવાન છે. જયારે ગીર સોમનાથ જીલ્લાના સુત્રાપાડાના મૃતક માછીમાર જેન્તી કરશન સોલંકીનો એક માસ વીતી જવા છતાં હજુ સુધી મૃતદેહ ભારતને મળ્યો ન હોવાનું ફીશરીઝ અધિકારી કિશોર સિકોતરિયાએ જણાવેલ છે.

### મૃતક માછીમારનો મૃતદેહ પરીવારજનોને અપાવવા સરકાર વાટાઘાટ કરે

પાકિસ્તાન જેલમાં હજુ પણ ૫૬૦ જેટલા ભારતીય માછીમારો યાતના વેઠી રહ્યા છે. અગાઉ સજા કાપી રહેલ અનેક માછીમારો મોતને પણ ભેટયા છે. ત્યારે આવો જ એક હતભાગી ગીર સોમનાથ જીલ્લાના સુત્રાપાડાનો માછીમાર જેન્તી કરશન સોલંકીનું ગત તા.૧૪ ડિસેમ્બરના રોજ પાકિસ્તાનની જેલમાં મૃત્યું થયુ છે. મુકત થઈ અત્રે આવેલ માછીમારોના જણાવ્યા મુજબ જેન્તીભાઈ સોલંકીને હૃદયરોગનો હૂમલો આવ્યો હોવાથી મૃત્યું થયુ છે. પરંતુ મૃત્યુને એક માસ વિતી ગયો હોવા છતાં આ હતભાગી માછીમારનો મૃતદેહ તેમના સ્વાજનને મળ્યો નથી. છેલ્લા પંદર દિવસથી ફિશરીઝ વિભગની ટીમ પણ વાઘા બોર્ડર ઉપર માછીમારના મૃતદેહનો કબ્જો લેવા પહોંચી રાહ જોઈ રહી છે. મૃતક માછીમારના પરીવારજનો કલ્પાંત કરી રહ્યા છે. ત્યારે મૃતક માછીમારનો મૃતદેહ વહેલી તકે મળે તે માટે વાટાઘાટો કરવા માછીમાર સમુદાય સરકાર સમક્ષ માંગ કરી રહ્યો છે.

# સેવાકીય સુવાસ ફેલાવનાર 'પી.ડી. કાકા'નું સન્માન કરાયું

## જૂનાગઢમાં કૃષિ યુનિ. ખાતે ૨૬ જાન્યુ.નાં રોજ વિશિષ્ટ સામાજીક સેવા બદલ કુલપતિ શ્રી ગોટીયા દ્વારા સન્માન કરાયું



### જીંદગીપર્યંત સેવાકીય કાર્યની સુવાસ ફેલાવી, અને ઉંમરની ઢળતી સંધ્યાને રંગીન બનાવી



(પ્રકાશ ભાદરકા દ્વારા) જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢનાં ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા પરસોતમભાઈ ડી. પટેલ (પી.ડી. કાકા) કે જેમનાં સેવાકીય કાર્યોની હંમેશા નોંધ લેવામાં આવી છે. અને રાજયપાલ, મુખ્યમંત્રી અને રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક જેમને મળેલ છે તેમજ અનેકવિધ સંસ્થાઓમાં હોદો ધરાવતા પી.ડી. કાકાની વિવિધ સેવાકીય પ્રવૃતિઓ આજ દિન સુધી ચાલુ રાખી છે. અત્રે નોંધનીય છે કે આમ જન્મભૂમિ ભાલ તા. ધંધુકા અને કર્મભૂમિ (દેવભૂમિ) જૂનાગઢને બનાવી છેલ્લા ૪૫વર્ષથી સેવાની સુવાસ ફેલાવી છે ત્યારે યોગ્ય સમયે યથોચીત તેમની ઉંમરની ઢળતી સંધ્યાએ જૂનાગઢ કૃષિ યુનિ. દ્વારા ૨૬ જાન્યુ.નાં રોજ વિશિષ્ટ સામાજીક સેવા બદલ કૃષિ યુનિ.નાં કુલપતિ શ્રી ગોટીયા સહીત વિવિધ ઉપસ્થિત પદાધિકારીઓ દ્વારા તેમનું સન્માન કરાયું હતું.

કોઈ ગામડાનાં ચોકમાં બેઠેલ બુઝર્ગ લોકો પાસે ઉભા રહી એક નામ બોલો તો કદાચ તેમના ઓળખીતા નીકળે, કૃષિ યુનિવર્સીટીનાં ૭૦ થી ૯૦ દાયકામાં યુનિવર્સીટીનાં સંશોધનોને ખેડૂતની ભાષામાં તેમના ગામડા સુધી લઈ જવાનાં કાર્યક્રમમાં લોહી રેડનાર પરસોતમભાઈ ડી. પટેલ (પી.ડી. કાકા) એક અલગારી વ્યકિતત્વ છે. પી.ડી. કાકા તા. ૬-૬-૧૯૬૬માં ખેતી મદદનીશ તરીકે દાખલ થયા હતાં અને તા. ૩૦-૯-૨૦૦૦નાં રોજ રીટાયર્ડ થયા હતાં. તેમની કર્તવ્યનિષ્ઠા અને સાદગીપૂર્ણ વ્યવહારને આજે બધા યાદ કરે છે. ગૃહરક્ષક દળમાં જોખમી કામગીરીને પ્રમાણી કપણે કરવા બદલ શારદાબેન મુખરજી, રાજયપાલ દ્વારા રાજયપાલસુવર્ણચંદ્રક ૧૯૯૧માં એનાયત થયો હતો. હોમગાર્ડની શ્રેષ્ઠ કામગીરી માટે ૧૯૯૮માં મુખ્યમંત્રી સુવર્ણચંદ્રક વિજેતા બન્યા હતાં. રાષ્ટ્રીય કક્ષાએ તેમની આ કામગીરીની કદરરૂપે ૧૯૯૮માં રાષ્ટ્રીયતા સુવર્ણચંદ્રકથી તેઓને વિભૂષિત કરવામાં આવ્યા હતાં. ૧૯૭૪ થી ૧૯૯૮ કૃષિ યુનિવર્સીટીમાં તેઓ રાષ્ટ્રીય સેવા યોજનાના સહાયક અને પ્રોગ્રામ ઓફીસર તરીકે કામગીરી બજાવી હતી. ૨૦૧૫થી જૂનાગઢની આસપાસ ૩૦ કિમી ત્રિજયામાં અસહાય લોકોને અંધ, મુંગા, લુલા-લંગડાઓને નિરાધાર લોકોને રોજ ભોજન કરાવવાની બેમિસાલ કામગીરી કરે છે. નટુભાઈ ચોકસી દ્વારા સ્થાપિત ધોળકીયા નટવરલાલ વચ્છરાજ ચેરીટેબલ ટ્રસ્ટનાં સહયોગથી આ કામગીરી બજાવે છે. તેઓએ મૃત્યું બાદ દેહદાનનો પણ સંકલ્પ લીધો છે.

# વેરાવળના ઈણાજ ગામે બોલાચાલીના મનદુ:ખમાં મંદિરના પૂજારી અને વેપારીઓ બાખડયા : આઠ ઘાયલ થયા

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા. ૨૮

વેરાવળ તાલુકાના ઈણાજ ગામના પાટીયા પાસે આવેલ રામેશ્વર મંદિરના પૂજારી તથા પાટીયે આવેલ દુકાનોવાળા સાથે બોલાચાલી બાદ તલવાર, લાકડી, ધોકાઓ વડે મારા મારી સર્જાતા બંનેઅ પક્ષના આઠને ઈજાઓ સાથે પ્રથમ સીવીલ હોસ્પીટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પીટલમાં ખસેડેલ છે. પોલીસે બંને પક્ષની ફરીયાદો નોંધી તપાસ હાથ ધરેલ છે. આ બનાવ અંગે ઈણાજ ગામના સરપંચ ભગવાનભાઈ મેરામણભાઈ નંદાણીયા દ્વારા પ્રભાસ પાટણ પોલીસમાં નોંધાયેલ ફરીયાદની વિગત મુજબ ઈણાજ ગામના પાટીયા પાસે રામેશ્વર મંદિર આવેલ હોય જેમાં રહેતા ખંડેશ્વર બાપુ ગામના પાટીયે આવેલ દુકાનો વાળા સાથે ગાળા ગાળી કરતા હોવાથી તેમને સમજાવતા બાપુની વાત માની લીધેલ ત્યારબાદ ખંડેશ્વર બાપુ તથા તેના ચેલાઓમાં ભાવેશ સોમાભાઈ ચાંડપા, હાર્દિક ધર્મેન્દ્રભાઈ નિમાવત, સુજીત મુકેશભાઈ અપારનાથી તથા બે અજાણ્યા શખ્સો હાથમાં તલવાર, લાકડી, ધોકા વડે ઈણાજ પાટીયે આવેલ દિલીપની કીષ્ના પાન સેન્ટર પાસે એક સંપ કરી આવી માર મારતા આજુબાજુના લોકો એકઠા થઈ છોડાવવા જતા બાપુ તથા તેના માણસોએ જેમ ભાવે તેમ આડેધડ માર મારતા સરપંચ ભગવાનભાઈને હાથની આંગળીમાં તલવાર લાગેલ જયારે દીલીપ માંડા રામ, લખુ માંડા રામ, મહેશ મુળુભાઈ ઝાલા, હિરેન પરબત અરજન કેશુર વાળા સહીતનાને ઈજાઓ પહોંચેલ જયારે સામે વાળાઓમાં ભાવેશ ચાંડપા, હાર્દિક નિમાવત, સુજીત અપારનાથીને પણ ઈજાઓ થતા તમામને પ્રથમ સીવીલ હોસ્પીટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પીટલમાં ખસેડેલ છે.

આ બનાવ અંગે સામે પક્ષે ભાવેશ ચાંડપાએ સરપંચ ભગવાનભાઈ, દીલીપભાઈ આહિર, લક્ષ્મણ આહિર સહીતના સાતથી નવ અજાણ્યા શખ્સોએ લઘુશંકા કરવાની બાબતે બોલાચાલી કરી તલવાર, લોખંડની કોસ તથા લાકડાના ધોકા વડે માર મારી જાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોવાની ફરીયાદ પ્રભાસપાટણ પોલીસમાં નોંધાવેલ છે. આ બનાવ અંગે પોલીસે બંનેઅ પક્ષ પક્ષની સામ સામી ફરીયાદ નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. ભાલીયાએ હાથ ધરેલ છે.

## ડબ્લ્યુએચઓએ આપી ચેતવણી

# રસી ન લેનાર માટે ઓમિક્રોન મોટી સમસ્યા બની શકે છે

### ભારતમાં કોરોના ટ્રાન્સમિશન તબક્કામાં પ્રવેશ્યો છે અને વિશ્વભરના દેશોમાં કેસોની સુનામી શરૂ થઈ ગઈ છે

જિનેવા તા.૨૮

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક ટોચના અધિકારીએ કોરોના વાયરસના ઓમિક્રોન વેરિએન્ટના ફેલાવા અંગે રસી ન આપનારાઓને ચેતવણી આપી હતી. ટોચની આરોગ્ય સંસ્થાએ જણાવ્યું હતું કે ભારતમાં કોરોનાનો સમુદાય ટ્રાન્સમિશન તબક્કામાં પ્રવેશ્યો છે અને વિશ્વભરના દેશોમાં કેસોની 'સુનામી' પણ શરૂ થઈ ગઈ છે, જોકે ઓમિક્રોન ડેલ્ટા કરતા ઓછો ગંભીર છે પરંતુ તેમ છતાં ડેલ્ટા, હજી પણ એક ખતરનાક વાયરસ છે. કોવિડ-૧૯ ઉપર WHO ના ટેકનિકલ હેડ મારિયા વાન કેરખોવે જણાવ્યું હતું કે, જે લોકો ઓમિક્રોનથી સંક્રમિત છે, તેમાં આ રોગ કોઈપણ સ્તરે જઈ શકે છે. લક્ષણો વિના સંક્રમિતથી માંડીને ગંભીર બીમારી અને મૃત્યુ સુધી બધું જ શક્ય છે. અમે જે શીખી રહ્યા છીએ તે એ છે કે નબળી રોગપ્રતિકારક શકિત ધરાવતા લોકો, વૃદ્ધ લોકો અને જેમને રસી આપવામાં આવી નથી તેઓ ઓમિક્રોનથી સંક્રમિત થયા પછી કોવિડ-૧૯નું ગંભીર સ્વરૂપ ધરાવી શકે છે. તેમણે કહ્યું કે ઓમિક્રોનથી સંક્રમિત થયા પછી લોકો હજી પણ હોસ્પિટલમાં દાખલ છે, સંક્રમણને કારણે પણ મૃત્યુ પામી રહ્યા છે. સચોટ ડેટાના મહત્વ પર ભાર મૂકતા તેમણે કહ્યું હતું કે, જ્યારે માહિતી સૂચવે છે કે તે ડેલ્ટા કરતા ઓછુ ગંભીર છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તે હળવુ છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું દરેક વ્યક્તિ કોઈક તબક્કે અથવા બીજા તબક્કે ઓમિક્રોનના સંપર્કમાં આવી શકે છે? તેમણે કહ્યું હતું કે, ઓમિક્રોન ચિંતાના અન્ય પ્રકારો કરતાં ઘણી ઝડપથી ફેલાય છે. સંક્રમણ ફાટી નીકળવાની દ્રષ્ટિએ, ઓમિક્રોન ડેલ્ટાને પાછળ છોડીને લોકોમાં ખૂબ જ કાર્યક્ષમ રીતે ફેલાઈ રહ્યો છે. આનો અર્થ એ નથી કે બધાને કોઈક તબક્કે અથવા બીજા તબક્કે ઓમિક્રોનથી સંક્રમિત થઈ શકે છે. જોકે, સંક્રામક રોગના મહામારી વિજ્ઞાનીકે જણાવ્યુંહતું કે, કેસોની વિશ્વવ્યાપી વૃદ્ધિ આરોગ્યસંભાળ પ્રણાલીઓ ઉપર નોંધપાત્ર બોજ લાવી રહી છે, જે પહેલેથી જ ગંભીર રીતે વધુ બોજ હેઠળ છે. તેમણે કહ્યું હતું કે, "આપણે મહામારીના ત્રીજા વર્ષમાં પ્રવેશી રહ્યા છીએ તે જોતાં જો લોકો સંક્રમણની પકડમાં યોગ્ય રીતે આરામ નહીં કરે અને યોગ્ય સંભાળ નહીં મેળવે તો વધુ લોકો ગંભીર બીમારી અને મૃત્યુ પામશે અને તેજ અમે અટકાવવા માંગીએ છીએ. તેમણે કહ્યું કે, WHO ના ભાગીદારો સાથે મળીને કામ કરી રહ્યા છે, જેથી વિવિધ વેરિએન્ટ સાથે સંપર્ક ઘટાડવા માટે વ્યાપક વ્યૂહરચના ઘડી શકાય. રસીકરણ ગંભીર બીમારી, મૃત્યુ અને કેટલાક સંક્રમણને અટકાવે છે અને વધુ ફેલાતા અટકાવે છે તે જોતાં તેમણે કહ્યું હતું કે તે આદર્શ નથી. તેમણે કહ્યું કે, લોકોએ નાક ઉપર સારી રીતે ફિટ કરેલા માસ્ક પહેરીને શારીરિક અંતરથી પોતાને સંપર્કમાં આવવાથી બચાવવાની જરૂર છે. અને મોઢું અને હાથ ધોવા, ભીડ ટાળવી, ઘરે કામ કરવું, પરીક્ષણ કરાવવું અને જ્યારે જરૂર પડે ત્યારે યોગ્ય કાળજી લેવી એ સ્તરિત અભિગમો છે જેના દ્વારા વ્યક્તિ પોતાને સંક્રમણથી બચાવી શકે છે.

# કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ધનવંતરી રથ દ્વારા દવા વિતરણ



જૂનાગઢ તા.૨૮

કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લેતા જૂનાગઢ જીલ્લા વહીવટીતંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ધનવંતરી રથ મારફત કોવિડ પોઝિટિવ લોકોની મુલાકાત કરી જરૂરી દવાઓ આપવામાં આવી હતી.

# આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા પ્રજાસત્તાક પર્વ ઉજવાયું



જૂનાગઢ, તા.૨૮


જૂનાગઢ શહેરમાં આવેલ માનસિક દિવ્યાંગો માટેની સંસ્થા આશાદીપ ચેરીટેલબ ફાઉન્ડેશન દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા હતા અને પ્રજાસત્તાક પર્વની શુભકામના પાઠવવામાં આવી હતી.

# સરદારપરા સરકારી પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક પર્વની સાદાઈથી ઉજવણી

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ સરદારપરા વિસ્તારમાં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં સરકારની ગાઈડલાઈનને અનુસરી સાદાઈ પૂર્વક પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ હતી. જેમાં શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને હાલ કોર્પોરેશનમાં ફરજ બજાવતાં કુ. રેખાબેન મકવાણાનાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે શાળાનાં આચાર્યા દયાબેન સખરેલીયા, ભાવેશાબેન ગધેસરીયા, અતુલભાઈ રાઠોડ, અનસુયાબેન રાઠોડ, ચેતનભાઈ ચૌહાણ તથા આમંત્રીત મહેમાનોમાં અગ્રણી હરસુખભાઈ ખેરાળા, મિલેનિયમ કોમ્પ્યુટર સેન્ટરનાં સંચાલક પ્રકાશભાઈ ભાદરકા, વડીલ બાબુભાઈ ગોહેલ, એસએમસીનાં અધ્યક્ષ હિરેનભાઈ વઢવાણા તથા એસએમસી સભ્ય શિલ્પાબેન ભેસાણીયા તેમજ વાલી ઉપસ્થિત રહયા હતાં. તેમજ વર્ષ ૨૦૨૧-૨૨માં જન્મેલ દિકરીઓનાં માતા-પિતાનું સન્માન આમંત્રીત મહેમાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી



## મેયર ધીરૂભાઈ ગોહેલનાં હસ્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ તા.૨૮

મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત મહાનગરપાલિકાની કચેરીનાં ગ્રાઉન્ડ ખાતે મેયર ધીરૂભાઈ ગોહેલનાં હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો હતો. આ તકે મેયર ધીરૂભાઈ ગોહેલ તથા કમિશ્નર રાજેશ એમ. તન્ના દ્વારા જૂનાગઢનાં સૌ શહેરીજનોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ડે. મેયર હિમાંશુભાઈ પંડયા, સ્થાયી સમિતિ ચેરમેન રાકેશભાઈ ધુલેશીયા, કોર્પોરેટર ગીતાબેન પરમાર, પલ્લવીબેન ઠાકર, આરતીબેન જોષી, ચંદ્રિકાબેન ચુડાસમા, ઈલાબેન બાલસ, સરલાબેન સોઢા, ભૂતપૂર્વ મેયર જયોતીબેન વાછાણી, પૂર્વ કોર્પોરેટર નીરૂબેન કાંબલીયા, સેનિટેશન સુપ્રિ. કલ્પેશ ટોલીયા, ઓ.સુપ્રિ. જીગ્નેશભાઈ પરમાર, આઈસીડીએસાની બહેનો, મહાનગરપાલિકાનાં અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સફાઈ કર્મચારીઓ તથા એસઆઈને શ્રેષ્ઠ કામગીરી બદલ મેયરનાં હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. તેમજ કોરોના વેકસીનેશનનો બૂસ્ટર ડોઝ/પ્રીકોસન ડોઝ કર્મચારીઓને સ્થળ ઉપર જ આપવામાં આવ્યો હતો. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કચરાનાં વર્ગીકરણનાં પ્રચાર અને પ્રસાર માટે એક લાખ સ્ટીકર આઈસીડીએસ બહેનોને આપવામાં આવેલ હતા. આ બહેનો દ્વારા ઘરે ઘરે જઈ આ સ્ટીકરનું વિતરણ કરવામાં આવનાર છે.

# ખંભાળીયા ખાતે ૭૩માં પ્રજાસત્તાક પર્વ નિમિતે ત્રિરંગો લહેરાવી ધ્વજ વંદન કરતા જીલ્લા કલેક્ટર એમ.એ. પંડ્યા

## ખંભાળીયા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કલેક્ટરના હસ્તે વૃક્ષારોપણ કરાયું






(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૮

દેવભૂમિ દ્વારકામાં જિલ્લા કલેક્ટર એમ.એ. પંડ્યાએ ૭૩માં પ્રજાસત્તાક દિનની જિલ્લાકક્ષાની ઉજવણી અન્વયે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખંભાળીયા ખાતે ધ્વજવંદન કરી પરેડનું નિરીક્ષણ અને માર્ચપાસ્ટની સલામી ઝીલી હતી. આ પ્રસંગે પોલીસ અધિક્ષક સુનિલ જોષી સાથે જોડાયા હતા. આ રાષ્ટ્રીય પર્વ પ્રસંગે ઉદ્દબોધન કરતાં કલેક્ટરે જણાવ્યું હતું કે, આજે આપણો દેશ વિશ્વની ત્રીજી મહાસત્તા તરીકે ઉભરી રહ્યો છે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સબળ, સશક્ત અને દિઘર્દ્રષ્ટી પૂર્ણ નેતૃત્વના પરિણામે વિશ્વભરમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે, અનેક કિર્તિમાનો સ્થાપી આપણો દેશ સુરાજ્યની દિશામાં દ્રઢતાપૂર્વક આગળવધી રહ્યો છે. દ્રઢ રાજકીય ઈચ્છા શક્તિ, સાતત્યપૂર્ણ નેતૃત્વ અને જનશક્તિના સાક્ષાત્કારના ત્રિવેણી સંગમથી આપણે પ્રતિદિન વિકાસના નવતર સોપાનો સર કરી રહ્યાં છીએ. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની આ યાત્રામાં ઊર્જાવાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની "ટીમ ગુજરાત" તેજ રફતારથી જનજનનો વિકાસ કરી રહી છે. કલેક્ટરે ગુજરાતના ખૂણે-ખૂણાના વિકાસ માટે આ સરકાર નિષ્ઠાપૂર્ણ અને પરિણામલક્ષી પ્રયાસો કરી રહી છે. શિક્ષણ, રોજગાર, કૃષિ, ઉદ્યોગ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ, સિંચાઈ અને પીવાના પાણીની સવલતો તથા વંચિતો, વનબંધુઓ અને ગરીબો માટે વિકાસના તમામ ક્ષેત્રોમાં સિધ્ધિના સોપાનો ગુજરાત સર કરી રહ્યું હોવાનું જણાવી વધુમાં ઉમેર્યુ હતું કે, સમગ્ર વિશ્વ જ્યારે કોરોના નામક મહામારી સામે બાથ ભીડી રહ્યું છે, ત્યારે ભારત દેશે ૧૫૦ કરોડથી વધુ રસીકરણની ઐતિહાસિક સિધ્ધિ હાંસલ કરી કોરોના નાથવાની આ જંગમાં ઈતિહાસ સર્જ્યો છે, વિશ્વના આ સૌથી મોટા રસીકરણ અભિયાનમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે.

રાજ્યમાં કુલ ૪.૭૭ કરોડ લોકોને કોવિડ રસીકરણનો પ્રથમ ડોઝ અને ૪.૩૬ કરોડ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. જયારે ૧૮ વર્ષથી ઉપરની ઉમરના ૯૦ ટકા નાગરીકોને રસીકરણનો પ્રથમ ડોઝ અપાઈ ગયો છે. દેશના વેક્શિનેશન ઝુંબેશમાં ઈન્ડીયા ટુડે ગ્રુપ દ્વારા ગુજરાતને એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. ગરીબ નાગરીકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ વિનામૂલ્યે મળી રહે તે માટે એક કરોડથી વધુ લાભાર્થીઓને PMJAY "મા" કાર્ડ યોજનાના કાર્ડ અને ૩૪ લાખ ઉપરાંત નાગરીકોને હેલ્થ આઈડી કાર્ડ એનાયત કરાયા છે. મનરેગા યોજના હેઠળ રાજ્યમાં રૂપિયા ૧૨૮ કરોડના ખર્ચે ૧૭ હજારથી વધુ કામોના ખાતમૂર્હત અને લોકાપર્ણ પણ કરવામાં આવ્યા છે તેમ પણ કલેક્ટરે જણાવ્યું હતું. રાજ્યમાં ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી આધારીત જિલ્લો જાહેર કરાયો છે, હરિયાળું ગુજરાત તો ખુશખુશાલ ખેડૂતના સુત્રને સાકાર કરવા રાજ્ય સરકાર દ્વારા ૩,૨૨૪ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરી ખેડૂતોને રૂપિયા ૧૮૦ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. આમ, દેશમાં વિકાસના રોલ મોડલ ગુજરાતે લોજીસ્ટીક માલસામાનની સરળતાએ હેરફેરની કાર્યક્ષમતા LEADS-૨૦૨૧ના રીપોર્ટ મુજબ સતત ત્રીજા વર્ષે દેશભરમાં પ્રથમ ક્રમ મેળવી વધુ એક સિધ્ધિ પ્રાપ્ત કરી છે તેમ પણ કલેક્ટરે જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ઉપસ્થિત મહાનુભાવો હસ્તે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં આરોગ્ય, કોવિડ-૧૯, કરૂણા અભિયાન ૨૦૨૨, કાયદો અને વ્યવસ્થા જેવા વિવિધ ક્ષેત્રે વિશિષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિઓને અને આયુષ્યમાન ભારત અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર સરકારી અને ખાનગી હોસ્પિટલને પ્રમાણપત્ર અને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ આરોગ્ય વિભાગ દ્વારા કોવિડ-૧૯ પ્રિકોશન ડોઝ અને આયુર્વેદીક ઉકાળા વિતરણની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ડી.જે. જાડેજા, નિવાસી અધિક કલેક્ટર કે.એમ. જાની, પ્રાંત અધિકારી ડી.વી. ડોબરીયા, પ્રોબેશનર પોલીસ અધિક્ષક નિધ્ધિ ઠાકુર, જિલ્લા ભાજપ મહામંત્રી મયુરભાઈ ગઢવી, શૈલેષભાઈ કણઝારીયા, જિલ્લા પંચાયતના સદસ્યો જીતેન્દ્રભાઈ કણઝારીયા, સંજભાઈ નકુલ, હિતેન્દ્રભાઈ પીંડારીયા, ખંભાલીયા તાલુકા પંચાયતના પ્રમુખ રામદેવભાઈ કરમુર સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તથા શહેરીજનો, રાષ્ટ્રપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ : દાતાર પર્વત ઉપર રાષ્ટ્રગાન સાથે ધ્વજવંદન કરાયું



**જૂનાગઢ તા.૨૮ : જૂનાગઢમાં હોલી ડે એડવેન્ચર સંસ્થા દ્વારા ૨૬મી જાન્યુઆરીના રોજ દાતાર પર્વત ઉપર ૩૩૦૦ ફૂટની ઊંચાઈ ઉપર આવેલ નગરિયા પથ્થર ઉપર રાષ્ટ્ર ગાન સાથે અનોખી રીતે ધ્વજ વંદન કરવામાં આવેલ હતું. નગરિયા પથ્થર ઉપર આવી રીતે પ્રથમ વખત જ ધ્વજ વંદન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ૯ વર્ષથી ૪૬ વર્ષના કુલ ૩૮ લોકો જોડાયેલ હતા. વચ્ચે રસ્તા ઉપર પક્ષીના અવાજ અને પક્ષી ઓળખ જેવી પ્રવૃત્તિ પણ કરવામાં આવી હતી.**

# જૂનાગઢમાં ૩૦મી જાન્યુઆરીએ ફ્રી નિદાન કેમ્પનું આયોજન

જૂનાગઢ, તા.૨૮

હરસ, મસા, ફીશર, ભગંદર (મળ માર્ગના રોગોનો) આયુષ પ્રમાણિત વૈદ્યોની ટીમ દ્વારા આગામી તા.૩૦/૧/૨૦૨૨ના રોજ જૂનાગઢ ખાતો ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તો દર્દીઓએ તેનો લાભ લેવા વૈદ્ય મુકેશ આર. વારસૂર, વૈદ્ય ઉદય દવે તેમજ તેમની ટીમ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે. સવારે ૧૦ થી ૧, હરીવાડી, હાટકેશ હોસ્પીટલની સામે દોમડીયા વાડીની બાજુમાં, જૂનાગઢ ખાતે આ કેમ્પનું આયોજન કરાયું છે.

### ૪૫ વર્ષથી પ્લાસ્ટિક બેગ જમા કરતી હતી મહિલા

# મહિલાએ હજારો થેલીઓ ભેગી કરી બનાવ્યો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ

## ૧૯૭૬થી એન્જેલા માત્ર ૧૧ વર્ષની હતી ત્યારે પ્લાસ્ટિકની થેલીઓ એકઠી કરવાનો શોખ ધરાવે છે

નવી દિલ્હી તા.૨૮

દુનિયામાં એવા ઘણા લોકો છે જેમની પાસે અલગ-અલગ પ્રકારની કુશળતા છે અને તેમના કારણે તેઓ પ્રખ્યાત થાય છે. કેટલીક વાર તેઓ તેમની પ્રતિભાના આધારે વર્લ્ડ રેકોર્ડ પણ સ્થાપિત કરે છે. પરંતુ એવા ઘણા રેકોર્ડ છે જે પ્રતિભા ઓછી અને લોકોનો જુસ્સો વધુ દેખાય છે. આવો જ એક વર્લ્ડ રેકોર્ડ બ્રિટનની એક મહિલાએ બનાવ્યો છે. મહિલાએ પ્લાસ્ટિકબેગ એકત્રિત કરીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. વેલ્સના અબર્ડેરમાં રહેતી ૫૫ વર્ષીય એન્જેલા કલાર્કએ અનોખો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. એન્જેલાએ ૧૦,૦૦૦થી વધુ પ્લાસ્ટિક બેગ એકત્રિત કરીને પ્લાસ્ટિક બેગનો રેકોર્ડ બનાવ્યો છે, પરંતુ એન્જેલાની મુસાફરી એટલી સરળ નહોતી જો કે તે તેના માટે રોમાંચક હતી. તમને જણાવી દઈએ કે ૧૯૭૬થી એન્જેલા માત્ર ૧૧ વર્ષની હતી ત્યારે પ્લાસ્ટિકની થેલીઓ એકઠી કરવાનો શોખ ધરાવે છે. સન વેબસાઈટ અહેવાલ આપે છે કે તેનો પરિવાર તે સમય દરમ્યાન રાણીની સિલ્વર જ્યુબિલીની ઉજવણીમાં વ્યસ્ત હતો. તે સમયે જલસા માટે ખાસ પ્લાસ્ટિકની થેલીઓ બનાવવામાં આવી હતી. પછી જ્યારે તેના પિતા જર્સીની સફરથી પાછા ફર્યા ત્યારે તેઓ તેમની સાથે એક સુંદર કાળી પ્લાસ્ટિકની થેલી લાવ્યા જેમાં તેમની સામે એક સ્ત્રીની આકૃતિ દર્શાવવામાં આવી હતી. એન્જેલાને બેગ ખૂબસૂરત લાગી અને તરત જ તેને તેના રૂમમાં ચોંટાડી દીધી. ત્યારથી તેમને બેગ એકત્રિત કરવાની મજા આવવા લાગી. એન્જેલાએ તે સમય દરમ્યાન માત્ર ૧ વર્ષ બેગ એકત્રિત કર્યા બાદ ૨૦૦ બેગ એકઠી કરી હતી. તેમને બીબીસીના બાળકોના કાર્યક્રમમાં બોલાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પોતાના શોખ વિષે સાંભળીને લોકોએ તેને બેગ મોકલવાનું શરૂ કર્યુ. જ્યારે કોઈ ઓલિમ્પિકમાં ગયું ત્યારે તેણે તેમને બેગ મોકલી અને કોઈ ચોક્કસ દુકાને ગયું અને બેગ ઉપર સહી કરી અને તેમને મોકલ્યા. હવે તેની પાસે ૧૦,૦૦૦થી વધુ બેગ છે અને તેણે તેના પતિની ફેક્ટરીમાં તેના માટે એક વિશેષ સ્થાન બનાવ્યું છે. એન્જેલાના કલેક્શનમાં ૧૯૫૪ની બેગ પણ છે અને એક એવી બેગ છે જેની કિંમત ૨૨,૦૦૦ રૂપિયા છે.

# કોરોના દરમ્યાન ડોલોનું વિક્રમી ૩૫૦ કરોડ ટેબલેટનું વેચાણ થયું, જો એક સાથે રાખવામાં આવે તો બુર્જ ખલીફા જેટલી ઊંચાઇ થઇ જાય

મુંબઈ તા.૨૮

શું તમે કોવિડ-૧૯ના સંક્રમણ દરમ્યાન ડોલો ૬૫૦ ટેબલેટ લીધી હતી ? હા, મેં તમે અને અન્ય ઘણા લોકોએ ડોલો ટેબલેટનું ભરપુર સેવન કર્યુ હતું. આંકડા બતાવે છે કે ભારતે ૨૦૨૦માં કોવિડ-૧૯ ફેલાયો ત્યારથી અત્યાર સુધીમાં આ એન્ટી ફીવર દવાની ૩૫૦ કરોડ કરતાં વધુ ટેબલેટોનું વેચાણ કર્યુ હતું. કોરોના ફેલાયો ત્યારથી ડોલો ૬૫૦ ટેબલેટનું વેચાણ બે વર્ષમાં બમણું થઈ ચૂક્યું છે. આ આંકડો એટલો મોટો છે કે જો તેનો અંદાજ લગાવવામાં આવે તો આ ૩૫૦ કરોડ ટેબલેટને સીધી કરીને એક સાથે રાખવામાં આવે તો તે માઉન્ટ એવરેસ્ટથી પણ ૬૦૦૦ ગણી વધુ અને દુનિયાની સૌથી મોટી ઈમારત બુર્જ ખલીફાથી ૬૩૦૦૦ ગણી વધુ ઊંચી થઈ જાય. આ વાત બિલકુલ સાચી છે કારણ કે ડોલોની ૧.૫ સે.મી. લાંબી ગોળીનું છેલ્લા બે વર્ષમાં ક્રોસીન કરતાં પણ વધુ વેચાણ થયું છે. સંશોધન કરનાર સંસ્થા આઈકયુવીઆઈએના ડેટા અનુસાર ૨૦૧૯માં કોવિડના પ્રકોપથી ભારતમાં પહેલા ડોલો ટેબલેટની ૭.૫ કરોડ સ્ટ્રીપ વેચાઈ હતી. જ્યારે નવે. ૨૦૨૧ સુધી તેનું વેચાણ બમણું એટલે કે ૧૪.૫ કરોડ સ્ટ્રીપ અર્થાત ૨૧૭ કરોડ ગોળીનું વેચાણ થયું હતું. ભારત સપ્ટે. ૨૦૨૦માં કોવિડની પ્રથમ લહેરની ચપેટમાં આવ્યું હતું ત્યારબાદ ૨૦૨૧માં ભારતે બીજી લહેરની ભયાનકતા સહન કરી હતી. આ દરમ્યાન ભારતમાં કુલ ૩.૫ કરોડ કોવિડના કેસ સામે આવ્યાં અને માહામારીના આ સમયગાળામાં ડોલોની ૩૦૫ કરોડ ટેબલેટનું વેચાણ થયું. આજે ડોલો ભારતમાં તાવની ટેબલેટના વેચાણમાં બીજા નંબરે છે. તેનું વાર્ષિક ટર્ન ઓવર લગભગ રૂા.૩૦૭ કરોડ છે અને જીએસકેની કાલપોલ તેનાથી થોડી ઊંચી છે એટલે કે તેનું ટર્ન ઓવર ૩૧૦ કરોડ છે. એ જ રીતે ભારતમાં ચર્ચાસ્પદ ક્રોસીનનું વેચાણ છઠ્ઠા ક્રમે છે અને તેમનું વેચાણ ૨૩.૬ કરોડનું છે. ડોલો ૬૫૦ માત્ર સૌથી વધુ વેચાણ કરતી માત્ર ટેબલેટ નથી, પરંતુ આ ટેબલેટ અંગે ગૂગલ પર સૌથી વધુ સર્ચ થઈ છે. જાન્યુ.૨૦૨૦ સુધી તેની ૨ લાખ વાર સર્ચ થઈ છે જ્યારે સૌથી વધુ વેચાનાર બીજી ટેબલેટ કાલપોલની ૪૦૦૦૦ વખત સર્ચ થઈ છે. પેરાસીટામોલ એ સામાન્ય દવા છે. તે ૧૯૬૦માં માર્કેટમાં આવી હતી. આ દર્દ શામક દવાની ત્રણ જાણીતી બ્રાંડ ક્રોસીન, ડોલો અને કાલપોલ છે. ભારતમાં માથાનો દુ:ખાવો હોય, દાંતનો દુ:ખાવો હોય, કોવિડ કે તાવ કે શરીરમાં દુ:ખાવો હોય, આ તમામ દર્દની એક જ દવા છે ડોલો.

# ભારત દેવાની જાળમાં : દેવાની ચુંગાલમાંથી આ છે બહાર આવવાના મુખ્ય ચાર રસ્તા

નવી દિલ્હી તા.૨૮

વર્લ્ડ ઈકોમનોમિક ફોરમના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે કે ભારતનું દેવુ વધી ગયું છે. આરબીઆઈના ડેટા અનુસાર ભારતીય પરિવારનું દેવુ ૨૦૨૦ના બીજા ક્વાર્ટરમાં કુલ જીડીપીના ૩૭.૧ ટકા થયું હતું. પરિવારો દ્વારા એકંદર દેવુ માર્ચ,૨૦૨૧ના રોજ ૪૩.૫ ટ્રિલીયન હતું. સરકારી અને કોર્પોરેટ કંપનીના દેવાની સ્થિતિ પણ ચિંતાજનક છે. ભારતનું રાષ્ટ્રીય કરજ ૨૦૨૦-૨૧માં જીડીપીના ૮૯.૬ ટકા થતાં સરકારી દેવુ ૪૭ ટકા જેટલું વધ્યું છે. જો તમે દેવાની જાળમાં ફસાયાં હો તે પ્રથમ પગલું આ સમસ્યાનો સ્વીકાર કરીને તેને ઉકેલવાનો છે. તેનાથી તમે યોગ્ય રણનીતિ ઘડી શકશો અને તેને તમે ઝડપથી ચૂકવી શકશો. દેવાની જાળમાંથી બહાર આવવાના ચાર મુખ્ય રસ્તાઓ છે.

**હયાત દેવું ચૂકવવા માટે સુરક્ષિત લોન લઈ લો**

સુરક્ષિત લોન એ ક્રેડિટનું સૌથી સસ્તુ સ્વરૂપ છે. આવા કેસમાં ઉછીના આપનાર અથવા ધિરધાર કેટલીક સંપત્તિ સમાંતરના સ્વરૂપમાં ધરાવે અને તેથી લોન ઉપરનો વ્યાજદર ઓછો હોય છે અને તેને કારણે જોખમ પણ ઓછુ હોય છે. એફડી સામે લોન લેવી એ પણ નાણા ઉછીના લાવવા માટેની સૌથી સસ્તી પદ્ધતિ છે.

**ડેટ કોન્સોલિડેશન અંગે વિચારો**

ડેટ કોન્સોલિડેશન તમામ નાના દેવાઓને એક લોનમાં જોડે છે. તેને કારણે લોન ઓછા વ્યાજ દરમાં પડશે અને પરવડે એવા ઈએમઆઈ હશે.

**સૌ પહેલા ખર્ચાળ લોનથી છૂટકારો મેળવો**

તમે જ્યારે દેવાની જાળમાં ફસાવ ત્યારે સૌપ્રથમ તો તમારી જે વધું ખર્ચાળ અથવા મોંઘી લોન હોય તેને ઓળખી કાઢીનો સૌપહેલા તેની ચૂકવણી કરો.

**પ્રોફેશનલની મદદ લો.**

જો તમે તમારી દેવાની સામસ્યાઓ હલ કરી શકતા ના હો તો પ્રોફેશનલ હેલ્પ લેતાં ખચકાશો નહીં. જો તમે કટોકટીમાં હો તો તમે ફાઈનાન્શિયલ પ્લાનર ડેટ કાઉન્સોલિંગ એજન્સીનો સંપર્ક કરી શકો છો. ડેટ કાઉન્સોલીંગ એજન્સી તમારી ધિરાણ સંસ્થા અને લોનની રકમના આધારે ફી વસુલે છે. જો કે કેટલાક એનજીઓ પણ છે જે વિનામૂલ્યે ડેટ કાઉન્સેલીંગ પૂરૂ પાડે છે.

### જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લી.ની

# અગતરાય શાખાનાં નવનિર્મિત ભવનનું મંત્રી અરવિંદભાઈ રૈયાણીનાં હસ્તે લોકાર્પણ



જૂનાગઢ તા. ૨૮

ધી જૂનાગઢ સહકારી બેન્ક લી.ની અગતરાય શાખા ૪૪ વર્ષથી કાર્યરત છે. આ શાખાનું નવનિર્મિત ભવનનું પ્રજાસત્તાક દિનાનાં પર્વ શુભ દિવસો મંત્રી અરવિંદભાઈ રૈયાણીનાં વરદ હસ્તેદિપપ્રાગટય કરી ઉદઘાટન કરેલહતું.તેમજ સેઈફ ડીપોઝીટ વોલ્ટનું પણ ઉદઘાટન કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અરવિંદભાઈ રૈયાણીનું બુકે અનો શાલથી બેન્કનાં ચેરમેન, એમડી અનો ડીરેકટરો દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. ત્યારબાદ અગતરાય સેવા સહકારી મંડળી, ગ્રામ પંચાયત અગતરાય અને એપીએમસી કેશોદ દ્વારા પણ અરવિંદભાઈ રૈયાણીનું ફુલહાર અને શાલથી સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે કિરીટભાઈ પટેલ, જેઠાભાઈ પાનોરા, લક્ષ્મણભાઈ યાદવ, દિનેશભાઈ ખટારીયા, પુંજાભાઈ બોદર, શાંતાબેન ખટારીયા, કિશોરભાઈ ભટ્ટ, અરવિંદભાઈ લાડાણી ઉપસ્થિત રહયા હતાં.

આ પ્રસંગે ચેરમેન કિરીટભાઈ પટેલે જણાવેલ કે આ બોંક ખેડૂતોની બોંક છે. ખેડૂતોનાં વિકાસ માટે અને સવલત માટે બોંક હંમેશા પ્રયત્નાશીલ છે. બોંકની અગતારાય શાખા સાથે પાંચ મંડળીઓ જોડાયેલ છે. રૂા. ૨૦ કરોડનું ધિરાણ છે, રૂા. ૧૫ કરોડની ડીપોઝીટ છે અનો રૂા. ૬૧ લાખનો નફો છે. બેંક સાથે આશરે ૨૦૦૦ ખેડૂતો જોડાયનો ધિરાણ મેળવે છે. અને ૩૦૦૦ જેવા ગ્રાહકો બેંક સાથે જોડાયેલ છે.

# સત્યમ સેવા યુવક મંડળ દ્વારા આગામી રવિવારે ભવનાથ ખાતે યોજાશે ૩૬માં સર્વજ્ઞાતિય સમૂહ લગ્ન

## પાંચ પ્રજ્ઞાચક્ષુ સહિત ૨૫ દીકરીઓને ૧૨૫થી વધુ વસ્તુઓનો કરિયાવર આપી કન્યા વિદાયનો ભાવભેર પ્રસંગ ઉજવાશે



જૂનાગઢ તા.૨૮

ગુજરાતના સીમાડા વટાવી અને વિદેશમાં પણ જેની સેવાકીય પ્રવૃત્તિની નોંધ લઈ દાતાઓ સહકાર આપી રહ્યા છે એવી જૂનાગઢની સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા આગામી તારીખ ૩૦-૧-૨૦૨૨ને રવિવારના રોજ ભવનાથ ક્ષેત્રમાં સનાતન હિન્દુ ધર્મશાળા સહિત જુદી જુદી જગ્યાએ તબક્કાવાર સમૂહ લગ્ન સમારોહનું આયોજન કરી પાંચ પ્રજ્ઞાચક્ષુ સહિત કુલ ૨૫ દીકરીઓના સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવનાર છે અને જેની તડામાર તૈયારીને ઓથ આપવામાં આવી રહ્યો છે. જૂનાગઢ અને સૌરાષ્ટ્રમાં છેલ્લા ૩૭વર્ષ કરતા પણ વધારે સમય થયા સેવાકીય ક્ષેત્રે અનેરૂ યોગદાન આપનારી સંસ્થા એટલે સત્યમ સેવા યુવક મંડળ કે જેના નવયુવાન પ્રમુખ મનસુખભાઈ વાજા અને તેમની સેવાભાવી ટીમ રોજ દિવસ ઉગે અને સેવાના કામો હાથ ઉપર લે તેવી સેવાભાવી ટીમ દ્વારા જરૂયિાતમંદ લોકોને કાયમની માટે મદદ કરવા તૈયાર હોય છે. કોઈપણ જાતના ભેદભાવ વિના નિઃસ્વાર્થ ભાવે સેવાની અનેક વિધ પ્રવૃત્તિ દાતાઓના સહકારથી કરવામાં આવી રહી છે. સેવાકીય પ્રવૃત્તિની સાથે છેલ્લા ૩૬ વર્ષથી સમૂહલગ્નના કાર્યક્રમો પણ સફળ રીતે યોજી રહી છે. ૧૮૦૦થી વધારે દીકરીઓને કરિયાવર અપાવી અને સાસરે વળાવી છે. આ સંસ્થાનું સેવાકીય ક્ષેત્ર ૩૭માં વર્ષમાં પ્રવેશ્યું છે અને સાથે જ ૩૬માં સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે. સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું કે, હાલ કોરોનાનું સંક્રમણ ચાલી રહ્યું છે. ત્યારે સરકારની ગાઈડલાઈન ચુસ્તપણે પાલન કરી અને ભવનાથ ખાતે જુદા જુદા સ્થળે તબક્કાવાર સમૂહ લગ્નોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવશે. વધુમાં મસુખભાઈ વાજાએ જણાવ્યુંહતું કે, ૨૫દીકરીઓમાં પાંચપ્રજ્ઞાચક્ષુ દીકરીઓ છે અને જ કોરોનામાં સ્વજન ગુમાવેલ દીકરીઓ છે. આ બધી દીકરીઓને દાતાઓના સહકારથી કરિયાવર પણ આપવામાં આવશે. સેટી પલંગ, સ્ટીલના કબાટ, ગાદલા, સોનાનો દાણો, મંગળસૂત્રસહિત ૧૨૫ જેટલી વસ્તુઓનો કરિયાવર આપશે. આગેવાનો, અગ્રણીઓ અને સંતોના આશીર્વાદ સાથે દીકરીઓને ભાવભરી વિદાય આપવામાં આવશે. વધુમાં ૩૬માં સમૂહ લગ્નોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા માટે અરવિંદભાઈ મારડિયા, શાંતાબેન બેસ, કમલેશભાઈ પંડ્યા, મનીષભાઈ લોઢીયા, અલ્પેશભાઈ પરમાર, બટુક બાપુ, કે.એસ. પરમાર, કે.કે. ગોસાઈ, મનહરસિંહ ઝાલા, પ્રવીણભાઈ જોશી, મનોજભાઈ રાજા, મુળુભાઈ જોગલ, મુકેશગિરી મેઘનાથી, કેતનભાઈ નાંઢા તેમજ અમારી સમગ્રટીમ ઉત્સાહ પૂર્વકજહેમત ઉઠાવી રહી છે. તેમજ લોકો અને દાતાઓ તરફથી પણ સારો સહકાર મળી રહ્યો છે તેમ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું.

# સાવજ ડેરી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી



જૂનાગઢ તા. ૨૮

સાવજ જૂનાગઢ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ જૂનાગઢ દ્વારા ગઈકાલે ખોખરડા પ્લાન્ટ ખાતે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં સંસ્થાનાં ચેરમેન રામશીભાઈ ભેટારીયા દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ હતું. તેમજ કાર્યક્રમમાં રામશીભાઈ ભેટારીયાએ દેશની સરહદ ઉપર રક્ષા કરતા સૈનિકોને શુભકામના પાઠવી હતી. અને દેશનાં વિકાસનાં કાર્યોને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સફળ બનાવવા માટે ભગવાન પાસે આર્શિવાદ માંગી અને શુભકામના પાઠવી હતી.

# જેસીઆઈ જૂનાગઢ દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા. ૨૮

જેસીઆઈ જૂનાગઢ દ્વારા ૭૩માં પ્રજાસાત્તાક દિન ૨૬મી જાન્યુઆરીનાં અનુસંધાનો ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતિ, શ્યામ વિદ્યાલય ખાતે જેસીઆઈ જૂનાગઢનાં પ્રમુખ ચેતનભાઈ સાવલીયા તથા જ્ઞાતિ ઉપપ્રમુખ ગોરધનાભાઈ ટાંકનાં હસ્તો ધ્વજવંદનાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં કિશોરભાઈ ચોટલીયા, વિરલ કડેચા, રાજેશ પુરોહીત, જે.કે. ચાવડા, વજુભાઈ કાચા, નિશાંતભાઈ ચૌહાણ, ભરતભાઈ ભાલીયા, મનોજભાઈ વરૂ, હરીભાઈ મોરવાડીયા, નરેશભાઈ રાઠોડ, એન.કે. ટાંક, સી.કે. ટાંક વગેરે ઉપસ્થિત રહયા હતાં.

# જૂનાગઢમાં સુખનાથ ચોક ખાતે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી કરાઈ



જૂનાગઢ તા.૨૮

દેશના ૭૩માં પ્રજાસત્તાક પર્વની જૂનાગઢનાં સુખનાથ ચોક ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ કોમી એકતા રાષ્ટ્રીય એકતા સિમિત દ્વારા ઉજવણી કરવામાંઆવી હતી. પૂર્વ નગર સેવક વહાબભાઈ અ.રજાકભાઈ કુરેશીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ તકે બટુકભાઈ મકવાણા અને અમિતભાઈ પટેલએ પ્રાસંગિક ઉદભોદન કર્યું હતું. ત્યાર બાદ સુખનાથચોકવેપારી એસોસિએશન દ્વારા પૂર્વ નગર સેવકવહાબભાઈ કુરેશીનું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં વોર્ડ નંબર-૩ કોર્પોરેટર અબ્બાશભાઈ કુરેશી, કોર્પોરેટ અસલમભાઈ કુરેશી, કોમી એક્તા રાષ્ટ્રીય એકતા સમિતિના બટુકભાઈ મકવાણા, બાર એસોસિએશનના કરોબારી સભ્ય એડવોકેટ જિશાન હાલેપોત્રા, ધારાસભ્ય ભીખાભાઈ જોશી, મનોજભાઈ જોશી, કોંગ્રેસ શહેર પ્રમુખ અમિતભાઈ પટેલ, એડવોકેટ અશ્વીનભાઈ મણીયાર, નુરાભાઈ કુરેશી, લઘુમતી મોરચા ભાજપ પ્રમુખ શબ્બીરભાઈ અમરેલીયા, રેહાનખાન બાબી, ભાજપ મહીલા મોરચા મંત્રી હમિદાબેન દલ, શરીફાબેન કુરેશી, મુન્નાબાપુ કાદરી, કે.ડી સાગરકા, સમજુભાઈ સોલંકી, કાસમ જુણેજા, જયભાઈ વસવેલીયા, પ્રવિણભાઈ છોટુભાઈ, હનીફભાઈ રાજસુમરા, કિશનભાઈ રામાણી, હનીફખાન પઠાણ, ફેઝલભાઈ નેવીવાલા, અશરફભાઈ મારફાણી, કુંદનભાઈ લાલવાણી, ઈકબાલભાઈ સોડાવાલા, વસીમ નેવીવાલા, અજીજભાઈ રાઠોડ, પ્રફુલ્લભાઈ કાલરીયા, બહાદુરખાન બાબી, રૂપચંદ ભવચંદ, મુરલીભાઈ હીરાપાન, ઈસ્માઈલભાઈ કુરેશી, લાલાભાઈ બેન્સોવાળા, હુશેનભાઈ લખાણી, કાકુભાઈ કુરેશી, મનોજભાઈ ભટ્ટ, પંકજભાઈ ભરડા, કાદુભાઈ વાઘેલા, રમેશભાઈ વાજા, સલીમભાઈ ગુજરાતી, રમેશભાઈ બાવળીયા, અબ્બાસભાઈ કુરેશી, યાકૂબભાઈ શેખ, હરેશભાઈ બાટવીયા વગેરે રાજકીય, સામાજીક અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

# સંસ્કાર ભારતી દ્વારા ભારત માતા પૂજનનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ રાષ્ટ્રીય કલા સંસ્થા સંસ્કાર ભારતી દ્વારા ૨૬મી જાન્યુઆરીએ પરંપરા મુજબ ભારત માતા પૂજન 'હે સ્વતંત્ર ભારતી ઉતારે તેરી આરતી' કાર્યક્રમમાં ભારત માતાનું પૂજન અને ભારત માતાની ભકિત પ્રસ્તુતિની સુંદર આરતીનું સમુહગાન થયેલ હતું. આ તકે કલા સાધક ભાઈઓ-બહેનો દ્વારા સંપૂર્ણ વંદે માતરમનું ગાન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં જતીનભાઈ નાણાવટી, વિપુલભાઈ ત્રિવેદી, વિજયભાઈ ભટ્ટ, ચિંતન લાઠીગરા, રાજુ ભટ્ટ, દિપેનભાઈ જોશી, કિંજલ જોશી, રજનીકાંત ભટ્ટ, દિનેશભાઈ દવે, ધ્વનિત ત્રિવેદી, દર્પિત દવે, નિતીન બારડ, હાર્દિક ભુવા, પાર્થ હિંડોચા, આદિત્ય ત્રિવેદી, ઋષિ રાવલ વગેરે ઉપસ્થિત રહયા હતાં.

# મજેવડી દરવાજા ખાતે રીક્ષા એસો. દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા.૨૮

જૂનાગઢમાં મજેવડી દરવાજા રીક્ષા એસોસિએશન અનો હિન્દુ-મુસ્લિમ એકતા સમિતિ દ્વારા વાહીદભાઈ આરબના માર્ગદર્શનમાં ૭૩માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ૨૬મી જાન્યુ.એ સવારે ૧૦:૩૦ કલાકે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિના જીસાનભાઈ એડવોકેટ, અશ્વીનભાઈ મણીયાર એડવોકેટના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે બટુકભાઈ મકવાણા, અમિતભાઈ પટેલ, મનોજભાઈ, ભીખાભાઈ જોષી, વહાબભાઈ કુરેશી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# દેશનાં ગૌરવ શહીદ વિજય મોજીદરાને યશસ્વી સેવા બદલ શૌર્યચક્રથી સન્માનિત કરાયા



**શહીદ વિજય મોજીદરા (પ્રજાપતિ)ની વીરતા અને સાહસની શૌર્યગાથા**

દેશનું ગૌરવ શહીદ વિજય મોજીદ્રા(પ્રજાપતિ) જેમણે સાલ ૧૯૯૩ દરમ્યાન ઓપરેશન રક્ષક દરમ્યાન કાશ્મીર બોર્ડર ઉપર આતંકવાદ સામે યુદ્ધ વખતે દેશ માટે વીરગતી પામ્યા હતા અને તેમના આ સાહસ માટે રાષ્ટ્રપતિના હસ્તે શૌર્યચક્રથી સન્માનિત થયેલછે. આ સન્માન માત્ર ગુજરાતમાંથી અત્યાર સુધી માત્ર બે આર્મીમેનને આપવામાં આવ્યુંછે. સાલ ૧૯૯૩ દરમ્યાન ઓપરેશન રક્ષક કાશ્મીર બોર્ડર ઉપર આતંકવાદ સામે યુદ્ધ વખતે દેશ માટે વીરગતી પામનાર રાષ્ટ્રપતિના હસ્તે શૌર્યચક્રથી સન્માનિત શહીદ વિજય મોજીદ્રા (પ્રજાપતિ)ની જન્મજયંતિ અવસર ઉપર તેમની વીરતા અને સાહસ માટે તેમને સો સો સલામી તથા વંદન સહ પ્રણામ. (તસ્વીર : વિજય ત્રિવેદી)

જૂનાગઢ તા.૨૮

આઝાદી મહોત્સવ અંતર્ગત તારીખ ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમઅને આર્મીના જવાનો હસ્તે રાષ્ટ્રપતિ એવોર્ડ "શૌર્યચક"થી સન્માનિત શહીદ વિજય મોજીદરા (પ્રજાપતિ) પરિવારજનોને તેમના નિવાસસ્થાને સલામી દ્વારા અને સન્માન મોમેન્ટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન કાર્યક્રમમાં કર્નલ રાજેશકુમારસિંહ શૌર્ય ચક્ર અને સેના મેડલ કમાન્ડિંગ ઓફિસર ૮ ગુજરાત એનસીસી બટાલિયાન જૂનાગઢ સાથે તેમની બટાલિયાન દ્વારા શહીદ વિજય મોજીદરાને પરેડ યોજી સલામી આપેલ હતી. આ પ્રસંગે જૂનાગઢ કોર્પોરેશનના પૂર્વ મેયર ગીરીશ કોટેચા ઉપસ્થિત રહ્યા હતા.

# :: અવસાન નોંધ ::

જૂનાગઢ : યાદવ ઉમેશભાઈ ધનજીભાઈ (ઉ.વ. ૫૨ ) તે અરવિંદભાઈ, સુમનભાઈ, જગદીશભાઈ, નાનાભાઈ તથા શુભમભાઈ અને નિષિત ભાઈના પિતાનું તા. ૨૬ ના અવસાન થયું છે. તેનું બેસણું તા. ૨૮ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ તેમના નિવસ્થાન યાદવ નિવાસ હથિખાના પાસે, જેલ રોડ, જૂનાગઢ ખાતે રાખ્યું છે.

દાત્રાણા : મેંદરડા તાલુકાનાં દાત્રાણા નિવાસી કાંતાબેન કાળુગીરી મેઘનાથી (ઉ.વ. ૭૫) તે સ્વ. મનસુખગીરી તથા ભરતગીરીનાં માતાનું તા. ૨૪નાં રોજ અવસાન થયેલ છે. તેમનો ભંડારો શકિતપૂજન તા. ૩ને ગુરૂવારનાં રોજ દાત્રાણા ખાતે રાખેલ છે.

રાજકોટ : સ્વ. મંજુલાબેન વિનોદરાય વલેરા (ઉ.વ. ૭૨) તે સ્વ. વિનોદરાય પ્રાણજીવન વલેરાનાં પત્ની, ભાવેશના માતા, જાજલ વસંતભાઈ, નટવરભાઈ, હિંમતભાઈ, બાલાભાઈનાં બહેન તા. ૨૭-૧-૨૨નાં રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું ટેલીફોનીક બસણું તા. ૨૮-૧-૨૨નાં સાંજે ૫ થી ૭ રાખેલ છે. ભાવેશભાઈ-૭૮૭૪૩ ૮૮૬૨૮, પ્રવિણભાઈ-૭૦૬૯૬ ૦૪૩૦૩, હિતેશભાઈ-૯૯૦૪૭ ૦૦૦૭૭, અલ્પેશભાઈ-૯૮૨૪૪ ૭૫૭૮૬.

# પેટમાં દુઃખાવો થતાં સારવાર દરમ્યાન મૃત્યું

જૂનાગઢ તા. ૨૮ : જૂનાગઢ જુની સિવિલ હોસ્પીટલ સામે ફોજી હોટેલ ખાતે રહેતા ચંદુભાઈ હરીદાસ માણેક (ઉ.વ.૭૦)ને ગત તા ૨૧-૧-૨૦૨૨ બપોરનાં ૧૨.૦૦ વાગ્યાની આસપાસ અચાનક પેટમાં દુઃખાવો થતાં તેઓ સરકારી હોસ્પીટલ જૂનાગઢમાં સારવાર માટે આવ્યા હતા આ દરમ્યાન સારવાર દરમ્યાન તેઓનું મૃત્યું થયું હોવાનું સરકારી હોસ્પીટલનાં તબિબ ડો. હિમાંશુએ જાહેર કરેલ છે.

**શ્વાસની તકલીફથી મૃત્યું**


જૂનાગઢ તાલુકાનાં પ્લાસવા ગામનાં રાધાબેન ભાણજીભાઈ મારૂ (ઉ.વ.૫૫)ને એચઆઈવી તથા ડાયાબીટીસ અને શ્વાસની બિમારી હોય જેમાં ગઈકાલે તેમને શ્વાસમાં તકલીફ વધી જતાં તેઓનું મૃત્યું થયું હોવાનું જાણવા મળે છે.

# દ્રોણેશ્વર ગુરૂકુલમાં તિરંગાના રંગે રંગાયા હનુમાનજી



(નિરવ ગઢિયા દ્વારા) ઉના તા.૨૮

સમગ્ર ભારતમાં ૭૩માં ગણતંત્ર દિવસ નિમિત્તે આન બાન શાનથી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી છે. આ પ્રસંગે એસજીવીપી ગુરૂકુલ દ્રોણેશ્વરમાં અધ્યક્ષ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીજીની પ્રેરણાથીવિદ્યાર્થી, સંતો તથા શિક્ષકોએ આ પર્વની ઉજવણી કરી હતી. આ દિવસે મારૂતિધામમાં બિરાજમાન શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને તિરંગા વાઘા તથા તિરંગા રંગના ફુગ્ગાથી શણગાર કરાયો હતો.


:: જાહેર નોટીસ ::

# રાજ્ય સરકાર તુવેર મણના ૧૨૬૦, ચણાના ૧૦૪૬ અને રાયડાના ૧૦૧૦ રૂપિયાના ભાવે ખરીદી કરશે

**તા.૧ થી ૨૮ ફેબ્રુઆરી સુધી ખેડૂતો ઓનલાઇન નોંધણી કરાવી શકશે : તુવેરની ખરીદી ૧૫ ફેબ્રુઆરીથી અને ચણા, રાયડાની ૧ માર્ચથી ખરીદી કરાશે : ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ દ્વારા કરાશે ખરીદી : ગ્રામ્યકક્ષાએ વીસીઇ દ્વારા વિના મૂલ્યે ઓનલાઇન નોંધણી કરી આપશે**

જૂનાગઢ તા.૨૮

રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે અને લઘુત્તમ ટેકાના ભાવેથી તુવેર, ચણા અને રાયડાની ખરીદીમાં મણના રૂા.૧૨૬૦, ૧૦૪૬ અને ૧૦૧૦ના ભાવે ખરીદી કરાશે. ટેકાના ભાવની ખરીદી માટે તા.૧ થી ૨૮ ફેબ્રુઆરી સુધી ઓનલાઈન નોંધણી કરી શકાશે. ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ/રવિ સીઝન ૨૦૨૧-૨૨માં રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે તુવેર, ચણા અને રાયડાની ખરીદી ગુજરાત સ્ટેટ-કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિ.અમદાવાદ મારફતે કરવામાં આવશે. જેમાં સરકાર દ્વારા તુવેરના મણના રૂા.૧૨૬૦, ચણાના રૂા.૧૦૪૬ અને રાયડાના રૂા.૧૦૧૦ના ભાવે ખરીદી કરાશે. તુવેર, ચણા અને રાયડાના ટેકાના ભાવેની ખરીદી માટે તા.૧ થી ૨૮ ફેબ્રુઆરી સુધી ગ્રામ્યકક્ષાએ વીસીઈ દ્વારા વિનામૂલ્યે ઓનલાઈન નોંધણી કરી આપશે. રાજ્ય સરકારદ્વારા ટેકાના ભાવે તુવેરની ખરીદી તા.૧૫ ફેબ્રુઆરીથી અને ચણા, રાયડાની ખરીદી તા.૧ માર્ચથી શરૂ કરવામાં આવશે. ખેડૂતોએ નોંધણી માટે આધારકાર્ડની નકલ, મહેસુલ રેકર્ડ ગામનો નમુનો ૭/૨ તથા ૮-અની અદ્યતન નકલ, ગામના નમુના-૧૨માં વાવણી અંગેની નોંધ ન હોય તો, પાકની વાવણી અંગેનો તલાટીના સહિ-સિક્કા સાથેનો દાખલો, પાસબુકના પ્રથમ પાનાની નકલ અથવા કેન્સલ ચેક રજૂ કરવાનો રહેશે. નોંધણી કરાવતી વખતે તમામ ડોક્યુમેન્ટ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માંગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલાં ખેડૂતોએ ખાસ કાળજી રાખવાની રહેશે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ભળતા ડોક્યુમેન્ટ્સ કે ખોટા ડોક્યુમેન્ટ્સ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો તે ખેડૂતોનો ક્રમ રદ થશે અને ખરીદી માટે તે ખેડૂતને જાણ કરવામાં આવશે નહીં. નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૦૭૯-૨૬૪૦૭૬૦૭ ઉપર સંપર્ક કરવાનો રહેશે. ખેડૂતોએ નોંધણી માટે કોઈપણ રકમ ચુકવવાની રહેતી નથી. નોંધણીની કામગીરી માટે થતો ખર્ચ રાજ્ય સરકાર ભોગવેછે. જેની દરેક ખેડૂતને જાણ થાય અને વધુમાં વધુ ખેડૂતો ટેકાના ભાવની ખરીદીનો લાભ લઈ શકે તેમ ગુજરાત સ્ટેટ-કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિ.ના ચેરમેન દિલીપ સંઘાણીની યાદીમાં જણાવાયું છે.

# ગઈકાલે ઠંડીમાં આંશિક ઘટાડા બાદ આજે ગિરનાર પર્વત ઉપર ૩ ડીગ્રી તાપમાન

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાતમાં ઠંડીનું સતત આક્રમણ રહયું હતું અને જનજીવન ખૂબજ પ્રભાવિત રહયું હતું. આ દરમ્યાન જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે ગઈકાલે લઘુતમ તાપમાન ૧.૮ ડીગ્રી રહયા બાદ ગઈકાલે ઠંડીમાં આંશિક ઘટાડો થતાં જૂનાગઢનું લઘુતમ તાપમાન ૯.૭ ડીગ્રી નોંધાયું હતું. પરંતુ આજે તપામાન ૧.૭ ડીગ્રી ઘટીને ૮ ડીગ્રી નોંધાતા ઠંડીનું જોર વધ્યું હતું. ગિરનાર પર્વત ઉપર આજે ૩ ડીગ્રી તાપમાનનો કારણે કાતીલ ઠંડી અનુભવાઈ હતી. સવારમાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા રહેતા ઠંડીની તીવ્રતા વધી હતી. અને ૪.૭ કિમીની ઝડપે પવન ફુંકાતા વાતાવરણ ટાઢું થઈ ગયું હતું.

# માણાવદર નજીક બાઈક સ્લીપ થઈ જતાં ચિખલોદ્રા ગામનાં રાજસીભાઈ ભેટારીયાનું મોત

જૂનાગઢ તા. ૨૮

માણાવદર નજીક બાઈક સ્લીપ થઈ જતાં ચિખલોદ્રા ગામનાં વૃધ્ધ આહિર દંપત્તિ ફંગોળાઈ જતાં તેમનો ઈજા પહોંચી હતી. અને પતિને વધુ સારવાર માટે રાજકોટ સિવીલ હોસ્પીટલમાં ખસેડાયા હતાં. પરંતુ જયાં તેમનું મૃત્યુંથઈ જતાં તેમનાં પરીવારમાં શોક છવાયો હતો.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ખેતી કામ કરી ગુજરાન ચલાવતા ચિખલોદ્રા ગામનાં રાજસીભાઈ અરસીભાઈ ભેટારીયા (ઉ.વ. ૬૪) ગઈકાલે મોટરસાયકલમાં તેમનાં પત્ની જેતનીબેનને બેસાડી માંડવા ગામે માતાજીનાં દર્શન કરવા ગયા હતાં અને ત્યાંથી પરત પોતાનાં ગામ જઈ રહયાહતાં ત્યારે રસ્તામાંબાઈક સ્લીપ થઈ જતાં બંનેને ઈજા થઈ હતી. રાજસીભાઈ ભેટારીયાને માણાવદર સારવાર અપાવી અને રાજકોટ સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ ત્યાં તેમનું સારવાર દરમ્યાન મૃત્યું થયું હતું. મૃત્યું પામનાર ૭ ભાઈ અને બે બહેનમાં વચેટ હતાં. અને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર હોવાનું જાણવા મળે છે.

# જૂનાગઢમાં પોલીસે આર્થિક ભીંસનાં સમયે મદદ કરતા દીવાલનાં બાંધકામની રકમ અડધી થઈ જતા પરિવારમાં આનંદની લાગણી



જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ રેન્જના આઈજીપી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા સામાન્ય પ્રજાના લોક માનસ ઉપર પોલીસની એક સારી છાપ પડે અને "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્ર સાર્થક બને તેવા પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા જિલ્લાના તમામ પોલીસ અમલદારોને સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરના દોલતપરા વિસ્તારમાં રહેતા ગરીબ લોહાણા પરિવારની મહિલા અને તેના પતિએ મજૂરી કરીને રૂપિયા ભેગા કરી, મકાનમાં સમારકામ કરવાનું નક્કી કરેલ હતું. પડોશી માથાભારે હોય, દીવાલ બંનેની સહિયારી હોય, પડોશીદ્વારા ભૂતકાળમાંબનાવી હોય,દીવાલ બનાવવાના અડધા રૂપિયા આપે તો જ કામ કરવા દેવાની વાત કરી, ધમકી આપતા હતા. દીવાલ ભૂતકાળમાં બિલકુલ સસ્તામાં બની હોવા છતાં, રૂપિયા બે લાખમાં બની હોવાનું જણાવી, રૂા.એક લાખ તેઓના હિસ્સાના આપે તો જ બાંધકામ કરવા દેવા જણાવતા, પોતાના પતિને બીપીની બીમારી હોય, ગરીબ માણસ પાસેથી ખોટા રૂપિયા પડાવવા પડોશી દ્વારા કારસ્તાન કરતા, બનેપતિ-પત્ની દુઃખી હૃદયે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાને મળી, પોતે નિરાધાર હોય, પડોશી માથાભારે હોય, તેઓને પહોંચી શકે તેમ ના હોય, મદદ કરવા વિનંતી કરવામાં આવેલ હતી. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ એમ.એમ.વાઢેર, પીએસઆઇ વિજયાબેન ચાવડા, હે.કો. ભાવસિંહ સીસોદીયા સહિતની ટીમદ્વારા અરજદારની રજુઆત આધારે કોઈપણ ફરિયાદ અરજીની કાગળની કાર્યવાહીમાં પડ્યા વગર રજુઆત આધારે સીધા જ તેઓની બાજુમાં રહેતા પાડોશી દંપતીને બોલાવી, બાંધકામના જાણકાર એન્જીનીયરને બોલાવી, જૂની દિવલનું એસ્ટીમેન્ટ કરાવતા, વધીને રૂા.૮૦,૦૦૦/-જેટલુંથતું હોય, અરજદાર લોહાણા પતિ-પત્નીને રૂા.૪૦,૦૦૦/- જ દેવાના થતા હોવાનું પડોશીને જણાવી, ગરીબ પરિવારના ખોટા રૂપિયા લેવા યોગ્ય નહીં હોવાનું તેમજ પડોશી પહેલો સગો હોવાનું સમજાવી, પડોશી સાથે માથાકૂટ કરનાર સામે કાયદા હેઠળ કાર્યવાહી કરવા, પોલીસની ભાષામાં સમજાવતા, સામાવાળા માથાભારે પડોશી અરજદાર પતિ-પત્ની પાસેથી રૂા.૪૦,૦૦૦/-લેવા તૈયાર થઈ જતા, અરજદાર મહિલા તથા તેના પતિ દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ પોલીસ દ્વારા પણ પોતાની ફરજ ગણાવી, અરજદારને હવેથી તકેદારી રાખવા તથા પડોશીઓને સંબંધ સારા રાખવા વિનંતી પણ કરવામાં આવેલ હતી. અરજદારને પોલીસનો આવો અનોખો અનુભવ અને પોતાને ન્યાય મળતા, વ્યાજબી રૂા.૪૦,૦૦૦/- દિવાલના ખર્ચ પેટે આપવાના થતાં, ખૂબ જ આનંદિત થઈ, અરજદાર દ્વારા આનંદ વ્યક્ત કરી, જો પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ ના હોત તો, પોતાની મહેનત કરીને કરવામાં આવેલ કમાણી નાહકની હાથમાંથી જતી રહેત, એવી લાગણી વ્યક્ત કરી, કામ કરનાર જૂનાગઢ પોલીસ સ્ટાફનોવારંવાર આભાર વ્યક્ત કરેલ હતા. જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટીની સૂચનાથી જૂનાગઢ પોલીસ દ્વારા અરજદાર મહિલા અને તેના પતિને પડોશીની આડમાં છેતરવા નીકળેલ સામાવાળા પડોશીની દિવાલના વ્યાજબી રૂપિયા અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે, એ સૂત્ર જૂનાગઢ જિલ્લા પોલીસએ ફરીવાર સાર્થક કર્યું હતું.

# પોરબંદર, રાજકોટ જીલ્લામાંથી વાહન ચોરી કરનાર ત્રિપુટીને જૂનાગઢ ખાતેથી ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ



જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક મનીન્દર પ્રતાપસિંહ પવારની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીનાં માર્ગદર્શન હેઠળ જૂનાગઢ ક્રાઈમ બ્રાંચનાં ઈન્ચાર્જ પીઆઈ એચ.આઈ ભાટી, પીએસઆઈ ડી.જી. બડવા, એ.ડી. વાળા તથા સ્ટાફને મળેલ બાતમીનાં આધારે જૂનાગઢ ઝાંઝરડા રોડ ગરનાળાથી ચોબારી રેલ્વે ફાટક તરફ જતા રસ્તે કબ્રસ્તાન નજીક રેલ્વેનાં પાટા પાસે ત્રણ ઈસમો ચોરીની ત્રણ મોટરસાયકલ લઈને ઉભા હતાં અને આ મોટર સાયકલ સગેવગે કરવાની તૈયારી કરતાં હતાં ત્યાં જ પોલીસે આ ત્રણેય શખ્સોને ઝડપી લઈ અને તેમની પાસેથી પુછપરછ કરતાં વધુ વિગત બહાર આવી હતી. દિવ્યેશ અનીલભાઈ ચુડાસમા (રાજકોટ), દિલસુખ રામનિવાસ જાગ (શાપર-વેરાવળ), પ્રતિક ઉર્ફે પતુ ભરતભાઈ વાઘેલા (પોરબંદર)નાં કબ્જામાંથી બે બુલેટ તથા એક સ્પેલન્ડર મોટર સાયકલ વગેરે મળી રૂા. ૧,૫૫,૦૦૦નો મુદામાલ જપ્ત કરી અને રાજકોટ તથા પોરબંદર જીલ્લાનાં ત્રણ વાહન ચોરીનાં ગુનાને ડીટેકટ કરેલ છે. તેમની પાસેથી વાહન તેમજ મોબાઈલફોન અને રોકડ વગેરે મળી કુલ રૂા. ૧,૮૫,૪૯૫નો મુદામાલ જપ્ત કરેલ છે.

# ગીરનાર ઉપર ભૈરવજપ ચઢનારનો વીડિયો જોઈ વન વિભાગ દોડતું થયું, અંતે મામલો થાળે પડયો



જૂનાગઢ તા.૨૮

ગીરનાર પર્વતના જોખમી રસ્તાવાળા ભૈરવજપ શિખર ઉપર આસાનીથી ચઢી જનારનો વીડિયો છેલ્લા થોડા દિવસોથી વાયરલ થયો છે. દુનિયાભરમાં ઝપાટાભેર ફરી વળનાર આ વ્યક્તિને જૂનાગઢમાં લોકો દેશી સ્પાઈડરમેનની ઉપમાથી નવાજવા લાગ્યા હતા. તેને વનવિભાગે તેડું મોકલતાં લોકોમાં રોષ છવાઈ ગયો હતો. ગીરનાર પર્વત ઉપર ભૈરવજપ શિખર ઉપર જવાનો રસ્તો અતિ જોખમી છે. પર્વતારોહણની તાલીમ મેળવી હોય અને સઘન પ્રેક્ટીસ કરી હોય એવા લોકોજ જઈ શકે એવી સીધી કરાડવાળા આ શિખર ઉપર વડાલના પ્રેમભાઈ કાછડિયા(ઉ.વ.૫૫) આસાનીથી ચઢી જતા હોય એવો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા બાદ આખી દુનિયામાં તેમની પ્રશંસા થઈ રહી છે. તેને દેશી સ્પાઈડરમેન તરીકે લોકો ઓળખવા લાગ્યા છે. ત્યારે વન વિભાગે તેમને ગીરનાર રોડ ઉપરના ગેસ્ટ હાઉસ ખાતે જવાબ લખાવવા બોલાવ્યા હતા. આ વાતની ખબર પડતાં લોકોને સોશ્યલ મીડિયા ઉપર વનનવિભાગના વલણ સામે આકરો રોષ ઠાલવ્યો હતો.

આ સાથે જ સંતો, આગેવાનો, વકીલો પણ પ્રેમભાઈની પડખે ઉભા રહેવા વનવિભાગના ગેસ્ટ હાઉસે પહોંચી ગયા હતા. ૨૦ વર્ષથી જે વ્યક્તિ ભૈરવદાદાની સેવા પૂજા માટે ભૈરવજપ જાય છે તેમને ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા વખતે ખાસ આમંત્રિત કરી સન્માન કરવાને બદલે જવાબ લેવા બોલાવવા સામે લોકોએ ભારે આક્રોશ ઠાલવ્યો હતો. આખરે વનવિભાગે તેમનો જવાબ લઈને જવા દીધા હતા. વનવિભાગના સુત્રોએ પોતાના બચાવમાં જણાવ્યું હતું કે, અમે તો કોઈ વન્ય પ્રાણી તેમને નુકશાન ન પહોંચાડે એનું ધ્યાન રાખવા અને તકેદારી રાખવાનું કહેવા બોલાવ્યા હતા. જોકે, લોકોને આ ખુલાસો ગળે ઉતર્યો નહોતો.

# વંથલીનાં બોડકા ગામે જમણવારમાં અલગ બેસાડી લાગણી દુઃભાવી

જૂનાગઢ તા. ૨૮

વંથલી તાલુકાનાં બોડકા ગામે રહેતા રવિકુમાર દેવજીભાઈ ચૌહાણ (ઉ.વ.૨૬)એ કૌશિકાબેન સચીનભાઈ ડાકી, સચીનભાઈ ડાકી, કિશોરગર રામગર મેઘનાથી, સંગીતાબેન ચુનીલાલ દેસાઈ વગેરે સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, આરોપીઓએ બોડકા ગામે સર્વજ્ઞાતિનાં લોકો માટે જાહેર જમણવાર કરી અનુસુચિત જાતિનાં માણસોને અલગ જમાડવા બેસાડી આભડછેટ જેવું વર્તન કરી લાગણી દુભાવ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા વંથલી પોલીસે તપાસ હાથ ધરી છે.

**અકસ્માતે મોત**

માણાવદર તાલુકાનાં બોડકા ગામ નજીક હિરીબેન રામભાઈ પીઠીયા (ઉ.વ.૬૭) તથા તેમના પુત્ર કરશનભાઈ રામભાઈ મોટર સાયકલ ઉપર જઈ રહયા હતા તે દરમ્યાન રસ્તામાં કુતુરૂ આડુ પડતા અકસ્માતે મોટર સાયકલ ઉપરથી નીચે પડી જતાં હિરીબેનને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેનું મૃત્યુંથયું છે.

# જૂનાગઢ જીલ્લામાં કોરોના ધીમો પડયો : કુલ ૫૧ કેસ નોંધાયા

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ જીલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં ગઈકાલે પ્રથમવાર કોરોનાનાં કેસોમાં ઘટાડો થયો છે. ગઈકાલે નોંધાયેલા કેસોમાં જૂનાગઢ શહેરનાં ૧૫, જૂનાગઢ તાલુકા -૭, કેશોદ-૭, ભેસાણ -૨, માળીયા-૧, માણાવદર-૫, માંગરોળ-૨, વંથલી-૬ અને વિસાવદર-૬ મળી કુલ ૫૧ કેસ નોંધાયા છે અને આમ જીલ્લામાં કોરોના ધીમો પડયો હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

# ઘોડિયાઘર બહુમાળી કચેરી સહિત બધે જ કાર્યાન્વિત કરો : જનહિત રજુઆત મંચની માંગ

રાજકોટ તા.૨૮

જનહિત, મહિલા અને બાળ કલ્યાણ મંચના અધ્યક્ષ મહેશકુમાર હરજીવનભાઈ દવેએ પોલીસ હેડક્વાટર્સમાં અધતન ઘોડિયા ઘર કાર્યવંત થયું તેને આવકાર્યું છે. આ મુદે દવેએ જણાવ્યું છે કે, રાજકોટની દરેક સરકારી કચેરીઓમાં મહિલાઓની સારી એવી સંખ્યા છે. મોટાભાગની મહિલા કર્મીઓ નાના બાળકો ઘરે મૂકીને કે કામવાળીને ભરોસે છોડીને નોકરી ઉપર આવે છે. આથી કલેકટર રાજકોટ સત્વરે કલેકટર કચેરી, જૂની કલેકટર કચેરી, બહુમાળી ભવન સહિતની કચેરીઓમાં ઘોડિયાઘર ચાલુ કરે, એજ રીતે મ્યુનિસિપલ કમિશ્નર કોર્પોરેશનની મેઈન તેમજ પૂર્વ અને પશ્ચિમ ઝોન કચેરીમાં તેમજ જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા પંચાયત રાજકોટની કચેરીમાં ઘોડિયાઘર કાર્યવંત કરે તો મહિલા કર્મીઓને ફરજ બજાવવામાં ઘણી જ સરળતા રહેશે તેમ અંતમાં દવેએ મહિલા અને બાળ કલ્યાણ હિતમાં જણાવ્યું છે.

# જૂનાગઢ : પૂ. કાશ્મીરી બાપુને હોસ્પીટલમાંથી રજા અપાઈ




જૂનાગઢ તા. ૨૮

ગિરનાર જંગલમાં આમકુબીટ વિસ્તારમાં આવેલ દાતારેશ્વર મહાદેવની જગ્યાનાં મહંત પૂ. કાશ્મીરી બાપુ (ઉ.વ. ૯૫)ને ફેફસાની તકલીફ થતાં તેઓ છેલ્લા ૧૫ દિવસાથી ઝાંઝરડા ચોકડી પાસે આવેલ કેજે મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ ખાતે સારવારમાં હતાં.

પૂ. બાપુનાં સેવક જીતુભાઈ પંડયાએ જણાવ્યું હતું કે તા. ૧૫ જાન્યુ.નાં રોજ પૂ. કાશ્મીરી બાપુને ફેફસાની તકલીફ થતાં હોસ્પીટલનાં સંચાલક ભાવિનભાઈ છત્રાળાએ સારવાર શરૂ કરાવી હતી. આઈસીયુ ઈન્ચાર્જ ડો. મૌલિક ઝાલાવાડીયા, ડો. મૌલિક સોઢાતર, ડો. કેયુર પીપળીયા, ડો. વિનય હરીયાણી, ડો. નૈતિક છત્રાળા, ડો. ધાર્મિક છત્રાળા, ડો. અમીર કાઝમી, ડો. કૃષ્ણગોવિંદભાઈ વીરડા સહીતની ટીમે ખડેપગે રહી સારવાર આપી હતી. તબીબોનાં અથાગ પ્રયાસથી પૂ. બાપુની તબીયત સુધારા ઉપર આવતા તેમને રજા આપવામાં આવી હતી.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 5500* થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
SAMSUNG
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર. DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, પણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર,
એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ,
જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com